Website: http://www.allimagetool.com



શિરામણ પૂરું થયું. નવઘણે હાથ જોડી વરૂવડીની રજા માગી. વરૂવડીએ પૂછ્યું : "બાપ, કયે કેડે સિંધ પોગવું છે ?"

"આઈ, સીધે રસ્તે તો આડો સમદર છે. ફેરમાં જવું પડશે."

"અવધે પોગાશે ?"

"એ જ વિમાસણ છે, આઈ!" નવઘણના મોં ઉપર ઉચાટના ઓછાયા પડી ગયા. પલેપલ એની નજર સામે બહેન જાહલ તરવરે છે. સૂમરો જાણે કે જાહલના નેસ ઉપર માર-માર કરતો ધસી રહ્યો છે. બહેનની ને એ દૈત્યની વચ્ચે જાણે કે અંતર ભાંગતું જાય છે. સૂમરો જાહલના મડદાને ચૂંથશે ?

"વીર નવઘણ!" વરૂવડીએ વારણાં લઈને સિંદૂરનો ચાંદલો કરતાં કહ્યું : "ફેરમાં ન જાશો, સીધે જ મારગે ઘોડાં હાંકજો. સમદરને કાંઠે પહોંચો ત્યારે એક એંધાણી તપાસી લેજે. તારા ભાલાની અણીને માથે જો કાળીદેવ્ય (કાળી દેવચકલી) આવીને બેસે તો તો બીક રાખ્યા વિના દરિયામાં ઘોડો નાખજે. થડકીશ મા, તારા ઝપડાને પગે છબછબિયાં, ને કટકના પગમાં ખેપટ ઊડતી આવશે. કાળી-દેવ્ય દરિયો શોષી લેશે."

આશીર્વાદ લઈને કટક ઊપડ્યું. દરિયાકાંઠે જઈ ઊભા. દૈત્યની સેના જેવાં મોજાં ત્રાડ પાડતાં છલંગો મારે છે. દરિયાઈ પીરની ફોજના કરોડો નીલવરણા ઘોડા જાણે ડુબડબાટ કરે છે ને ધૂંધવલાં ફીણની કેશવાળીઓ ઝુલાવે છે. એક એક મોજાના મરોડમાં કોઈ જાતવંત અશ્વોની બંકી ગરદન રચાઈ છે. જળના દેવતા લાખ લાખ તુરંગોની સવારી કાઢીને જાણે ધરતીનાં રાજપાટ જીતવા તલપી રહ્યા છે.

Website: http://www.allimagetool.com



પલકમાં તો ગગનથી ચીંકાર કરતી મેઘવરણી કાળી-દેવ્ય, જાણે કે કોઈ વાદળમાં બાંધેલ માળામાંથી આવીને નવઘણને ભાલે બેસી ગઈ.

‘જે જગદંબા!’ એવી હાકલ કરીને જુવાન નવઘણે ઝપડાને જળમાં ઝીંકયો. પહાડનો તોખાર જાણે કે હણ-હણાટી મારતો જળઘોડલીઓની સાથે રમવા ચાલ્યો. પાછળ આખી ફોજનાં ઘોડાં ખાબકયાં. મોજાં બેય બાજુ ખસીને ઊભાં. વચ્ચે કેડી પડી ગઈ. પાણીનાં ઘોડલાં ડાબાં ને જમણાં ઘણે દૂર દૂર દોડયાં ગયાં. ( આજ આ કોરી ખાડીને કચ્છનું રણ કહેવામાં આવે છે. )

કચ્છ વળોટીને ગરવોરાજ સૂમરાની ધરા ઉપર ઊતર્યો : “ સંસતિયા! હવે ઝટ મને લઈ જા, કયાં છે તમારા નેસ? કયાં બેઠી છે દુખિયારી બહેન? તું આગળ થા! બહેનનાં આંસુડે ખદબદી રહેલી એ ધરતી મને દેખાડ.” એમ તડપતો અધીર નવઘણ સિંધનો વેકરો ખૂંદતો ધસી રહ્યો છે.

—અને બહેન જાહલ પણ ફફડતી નેસમાં ઊભી છે. ઊંચે ટીંબે ચડીને સોરઠની દિશા ઉપર આંખો તાણે છે : કયાંય ભાઈ આવે છે? વીર મારાનો કયાંય નેજો કળાય છે? આજ સાંજ સુધીમાં નહિ આવે, તો પછી રાત તો સૂમરાની થવાની છે. સૂમરો સોયરે આંખો આંજીને, લીલી અતલસનો કસકસતો કસબી કબજો અંગે ધરીને, ડોલર-મોગરાના અર્ક ભભરાવતો આજે રાતે તો આવી પહોંચશે. અને સૂમરાને ઢોલિયે આજ અધરાતે તો મારું મડદું સૂતું હશે. ઓહોહો! ભાઈ શું નહિ જ આવે? ભાઈ શું બોલકોલ ભૂલ્યો? ભોજાઈના ફૂલહૈયા માથે શું એનું માથું મીઠી નીંદરમાં પડી ગયું? જીવવાની મમતા ન મુકાઈ? મરવું શું મારા વીરને વસમું લાગ્યું?

સાંજ પડી. તારોડિયા ઊગવા લાગ્યા. આખો નેસ

Website: http://www.allimagetool.com



નજીવા નગર જેવો સૂનસાન બન્યો. આહીરોએ માન્યું કે આજ રાતે આપણો જણેજણ ખપી જશે. એ ટાણે ઉત્તર ને દક્ષિણ બેય બાજુના સીમાડા ઉપર આભધરતી એકાકાર બની રહ્યાં હતાં. ડમરીઓ ચડતી હતી. દિશાઓ ધૂંધળી બની હતી.

ડમરીઓ ઢૂંકડી આવી. ઘોડાના ડાબલા બોલ્યા. ધરતી થરથરી. મશાલોની ભૂતાવળ મચી. એક દિશામાંથી સોરઠિયાણીનાં શિયળ લૂંટનારો આવે છે, ને સામી દિશામાંથી બહેનને કાપડું કરવા ધર્મનો ભાઈ ચાલ્યો આવે છે. બેયના નેજા ઝળેળ્યા. ભાઈને ભાલે બહેનને દેવાનું કાપડું ફરુકી ઊઠ્યું. સૂમરાને નેજે શાહીના કિનખાબ લહેરાતા હતા.

આવી પહોંચ્યો! આવી પહોંચ્યો! ઝાડવે ચડીને જાહલે વીરને દીઠો.

**નવઘણ ઘોડાં ફેરવે, (એને) ભાલે વરૂવડ આઈ,**
**મા'ર બાણું લખ સંધવો, (મને) વીસરે વાહણ ભાઈ.**

એને ભાલે વરૂવડી કાળીદેવ્ય બનીને બેઠી છે. એ જ મારો ભાઈ! શાબાશ વીરા! આ બાણું લાખની વસ્તીવાળા સિંધને રોળી નાખ, એટલે મને મારો સગો ભાઈ વાહણ વિસારે પડી જાય.

બહેન દેખે છે અને ભાઈ ઝૂઝે છે. સોરઠ અને સિંધની સેનાઓ આફળે છે. સવાર પડ્યું ત્યાં તો રંગીલા સૂમરાની અતલસે મઢેલી લાશ બહેનના નસને ઝાંપે રોળાતી પડી હતી. ઢળી પડેલા કાબુલિયા અને મુંગલાઓની હજારો દાઢીઓ પવનમાં ફરફરતી હતી.

*

દંતકથા આગળ ચાલે છે કે —

સિંધમાં સોનાની ઈંટો પડેલી હતી. નવઘણે હુકમ કર્યો કે તમામ સોઢાઓને અક્કેક ઈંટ ઉપાડી લેવી. બાડ ગામમાં જઈને વરૂવડી માતાની દેરી ચણાવવું. તમામે અક્કેક ઈંટ ઉપાડી લીધી. પણ રાજાના

Website: http://www.allimagetool.com



સાળા અયપ પરમારે અહંકાર કરી ઉદ્‌ગાર કાઢયો : " હું રાજાનો સાળો. આ હાથ ઈંટો ઉપાડવા માટે નથી, ખડ્‌ગ ચલાવવા માટે છે, હું નહિ ઉપાડું."

વરૂવડીના ધામે સેના આવી પહોંચી. પાદરમાં બધી ઈંટો એકઠી કરીને દેરી બંધાવી. રા'એ આવીને જોયું તો આખી દેરીમાં એક ઈંટ જેટલી જગ્યા ખાલી પડેલી. એણે પૂછ્યું : " આ એક ઈંટ કેમ ખૂટે છે ? "

માણસો મૂંઝાયા. ઉત્તર આપી ન શકાયો. છેવટે જવાબ વાળ્યો : " માતાનો દીવો કરવા માટે એ ગોખલો રાખ્યો છે. " આખરે માલૂમ પડ્યું કે મિથ્યાભિમાની અયપ પરમારે પોતાના ભાગની ઈંટ ઉપાડવામાં હીણપદ માન્યું છે.

એ નવી ચણાવેલી દેરીના ઉંબરમાં જ નવઘણની તલવારના ઘાએ અયપનું મસ્તક કપાઈને નીચે પડ્યું. સેના જૂનાગઢ તરફ ચાલી નીકળી.

વરૂવડી માતા એ દેરી પાસે આવ્યાં. જોયું તો અયપનું માથું ને ધડ રઝળતાં પડેલાં. પોતાની દેરી પર ક્ષત્રિયનું લોહી છંટાયેલું એ દેવીથી ન સહેવાયું. અયપે પોતાનું અપમાન કરેલું એ ઇતિહાસ માતાને કાને આવ્યો. તોયે એ નિરભિમાની ચારણીનું મન ન દુભાયું. એણે ધડ પર મસ્તક મૂકી હાથ ફેરવ્યો. અયપ સજીવન થયો.

હાથમાં ભાલો ઉઠાવી ઘોડા દોડાવતો લોહીનો તરસ્યો અયપ નવઘણની પાછળ પડયો. બરાબર જૂનાગઢના ઝાંપામાં એણે નવઘણને પડખે ચડીને ભાલાનો ઘા કર્યો.

પરંતુ નવઘણના એ મહાચતુર અશ્વ ઝપડાએ ભાલાનો પડછાયો જોયો કે તત્કાળ કૂદીને એ દૂર ખસ્યો. ભાલો પરબારો પૃથ્વીમાં ગયો. અયપને પકડી લીધો.

એ પ્રસંગે મીશણ કુંચાળા નામના ચારણે દુહો કહ્યો કે :

> જડ ચૂકયો ઝપડા જહી, ભાલા અયપકા,
> માતા લીએ વારુણાં, નવઘણ ઘર આયા.

[ અયપના ભાલાનો ઘા ઝપડાએ ચુકાવી લીધો, તેથી નવઘણ રાજા જીવતા ઘેર આવ્યા, ને માતાએ ઓવારણાં લીધાં. ]

વરૂવડીનો છંદ આગળ વધે છે :

Website: http://www.allimagetool.com



[ ૫ ]

કાપડી છો લખ જાત્ર કારણ એહ વહેતા આયચહા,[1]
દોહણે હેંકણ[2] તેં જ દેવી પંથ વહેતા પાહિયા.[3]
સત ધન્યો વરૂવડ, કિરણ સૂરજ પ્રસધ નવખંડ પરવડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

[ એવી જ રીતે છ લાખ જાત્રાળુ બાવાઓને પણ રસ્તામાં રોકીને એક જ દોણીમાં અન્ન રાંધી વરૂવડી દેવીએ ભોજન કરાવેલું. ધન્ય છે તારા સતને, માતા ! તારી કીર્તિ નવ ખંડની અંદર સૂર્યના પ્રકાશની માફક પ્રસરી વળી છે. ]

[ ૬ ]

અણ ગરથ[4] ઉણથે[5] સગ્રેહ[6] હેકણ, પોરસે દળ પોખીઆ,
કે વાર જીમણ ધ્રવે કટકહ, સમંદર પડ સોખીઆ.
અણરૂપ ઊંડી નાખ્ય આખા, સજણ જળતણ શગ ચડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

એ રીતે બહુ હોંશ કરીને તેં મોટા સૈન્યને જમાડ્યું, અને સમુદ્રને શોષી લીધો.

[ ૭ ]

કામઈ તુંહી કરનલ, આદ્ય દેવી આવડી,
શવદેવી તુંહી તુંહી એણલ, ખરી દેવલ ખૂબડી,
વડદેવ વડીઆ પાટ વરૂવડ, લિયા નવલખ લોબડી,
નત્ય વળાં નવળાં દિયણ નરહી, વળાંપૂરણ વરૂવડી !

[ કામઈ, કરનલ, શવદેવ્ય, એણલ અને ખોડિયાર * એ તમામ દેવીઓરૂપે તું લીલા કરે છે. 'નવલખ લોબડિયાળી' નામથી વિખ્યાત એ તમામ ચારણી દેવીઓ તારાં જ સ્વરૂપો છે. ]

---

૧. આચિહા – આયા, આવ્યા. ૨. દોહણે હેંકણ – એક જ દોણામાંથી. ૩. પાહિયા – જમાડ્યા.

૪. અણ ગરથ = ધન વગર. ૫. ઉણથે = સાધનહીન.

૬. સગ્રેહ = સારે ઘરે, વરૂડીને નિવાસસ્થાને.

* ખોડિયાર એક પગે ખોડાં હોવાથી 'ખૂબડી' કહેવાય છે.

Website: http://www.allimagetool.com

૩

# એક તેતરને કારણે

પરશુરામે આ પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરીને બ્રાહ્મણોને વહેંચી દીધી હતી. પણ એ વિનામહેનતે મળી ગયેલી ધરતીનું રક્ષણ બ્રાહ્મણો ન કરી શક્યા. અસુરો ધરણીમાતાની કાયાને ખૂંદવા લાગ્યા. પછી દેવતાઓએ ભેળા થઈને આબુ પર્વત ઉપર એક અગ્નિકુંડ પ્રગટાવ્યો. એ અગ્નિકુંડની ઝાળમાં ચાર મોટા દેવતાઓએ જવના દાણા છાંટ્યા, તે જ ઘડીએ એક પછી એક ચાર વીરો પ્રગટ થયા.

સોળે કળાએ શોભતો તેજસ્વી નર નીકળ્યો, તે સોળંકી કહેવાયો. ચારે ભુજામાં હથિયાર ધારણ કરીને હાજર થયો તે ચહુબાણ (ચૌહાણ) કહેવાયો. કુંડમાંથી નીકળતાં નીકળતાં પગમાં પોતાનું ચીર ભરાવાથી જે પડી ગયો તેનું પઢિયાર નામ પડ્યું; એ ત્રણે તો હાથ જોડીને આજ્ઞા માગતા માગતા નીકળ્યા, એટલે દેવતાઓ નિરાશ થયા.

આખરે અગ્નિના ભડકામાંથી 'માર! માર!'ની ત્રાડ દેતો જે બહાર આવ્યો, આવીને 'પર' કહેતાં રાક્ષસને જેણે સંહાર્યો, તે પરમાર નામે ઓળખાયો. આબુ, ઉજેણી અને ચિતોડ ઉપર એના વંશની આણ વર્તી ગઈ. ચિતોડ-ગઢનાં તોરણ બાંધનાર આ પરમાર વંશનો જ એક પુરુષ હતો.

Website: http://www.allimagetool.com



એ વંશનો એક વેલો સિંધના રણવગડામાં પણ ઊતરી આવ્યો. એ વેલો ચલાવનાર મૂળ પુરુષ સોઢાજી. સોઢા પરમારોના હાથનો ઉમરકોટ તાલુકો એક વખત એની પડતી દશામાં છૂટી ગયો ને નગરપારકરનો નાનો તાલુકો રહ્યો. ત્યાંનું બેસણું પણ ગયું, ને થરપારકર રહ્યું. થરપારકરનું રાજ એટલે તો રેતીના રણનું રાજ : રાજધણીને રિદ્ધિસિદ્ધિમાં ઢોર સિવાય બીજું કાંઈ ન હોય. માલધારી રાજા પોતાનો માલ ચારીને ગુજારો કરતા; નેસડામાં રહીને રાજમહેલની મજા લેતા; રોટલો અને દૂધ આરોગીને અમૃતના ઓડકાર ખાતા; રૈયતની સાથોસાથ રહીને તેની જીવ સાટે રક્ષા કરતા. તેથી જ —

**અંગ પોરસ, રસણે અમૃત, ભુજ પરચો રજભાર,**
**સોઢા વણ સૂઝે નહિ, હોય નવડ દાતાર.**

સોઢાઓના અંગમાં દાન દેવાની જેવી હોંશ આવે, જીભમાં જેવું અમી વરસે અને ભુજામાં જેવું પાણી હોય તેવું બીજામાં નથી હોતું.

બાપુ રતનુજી તો કૈલાસમાં પધારી ગયેલ, પણ મા જોમબાઈ હજુ બેઠાં હતાં. મા જોમબાઈને ચાર દીકરા હતા : આખોજી, આસોજી, લખધીરજી ને મૂંજોજી. મા અને દીકરા ગોડી પારસનાથજીનાં * મોટાં ભક્ત હતાં.

* 'રાસમાળા' (પાનું ૩૯૮)માં જણાવેલ છે કે 'માર્તંડરાય અથવા માંડવરાય, જે સૂર્યદેવની મૂર્તિ કહેવાય છે (કેમ કે મૃતંડનો વંશજ સૂર્ય છે તેથી તેનું નામ માર્તંડ કહેવાય છે) તેના ઉપાસક બન્ને નાયક હતા.' પણ માંડવરાવ નામ તો સોરઠમાં પરમારોના આગમન પછી 'માંડવ ડુંગર' પરથી પડ્યું લાગે છે, મતલબ કે 'માંડવરાય' શબ્દ 'માર્તંડરાય'નો અપભ્રંશ હોવા સંભવતો નથી. પરિણામે, સોઢા પરમારોની ઉપાસના સૂર્યની હતી કે ગોડી પાર્શ્વનાથની, તે નિર્ણયને અન્ય કશાક આધારની જરૂર છે.

સંવત ૧૪૭૪ની અંદર પારકરમાં કાળો દુકાળ પડ્યો. તાવડામાં જેમ ધાણી ફૂટે, તેમ માલધારીઓનાં ઢોર ટપોટપ મરવા મંડચાં. બે હજાર સોઢાઓ પોતાનાં ઢોર લઈને દુકાળ વર્તવા સોરઠમાં ચાલી નીકળવા જ્યારે તૈયાર થયા, ત્યારે ચારે ભાઈઓને ચિંતા થઈ કે પારકા મુલકમાં આપણી વસ્તીની રક્ષા કોણ કરશે ? માટે આભાજી બોલ્યા : "ભાઈ લખધીર ! તું ને મૂંજોજી સાથે જાઓ, હું ને આસો આંહીં રહીશું." લખધીરજી ને મૂંજોજી પોતપોતાની હાંસલી ઘોડી ઉપર પલાણી તૈયાર ઊભા, ત્યારે મા જોમબાઈ બોલ્યાં : "બાપ, આપણી વસ્તીને પરદેશમાં મા ક્યાંથી મળશે ? માટે હુંય સાથે ચાલીશ."

માતાજી રથમાં બેઠાં, અને બે હજાર સોઢાઓ એમના રથને વીંટી લઈને પોતપોતાનાં ઢોર હાંકતા હાંકતા, રસ્તે ચારતા ચારતા દડમજલ મુકામ કરતા ચાલી નીકળ્યા.

પણ લખધીરજીને તો નીમ હતું કે રોજ ઇષ્ટદેવ ગોડી પારસનાથનાં દર્શન કર્યા પછી જ અન્નપાણી ખપે. આ દેવતાની પ્રતિમા પારકરના પીલુ ગામમાં હતી. રોજ રોજ પ્રભાતે જ્યાં મેલણ પડ્યું હોય ત્યાંથી લખધીરજી પોતાની હાંસલી ઘોડી પાછી ફેંટીને પીલુ જઈ પહોંચે, દેવનાં દર્શન કરે, ત્યાર પછી અનાજ આરોગે. એ રીતે તો જેમ જેમ પલ્લો લાંબો થતો ગયો, તેમ તેમ પીલુ પહોંચવામાં મોડું થવા માંડ્યું. એક પહોર, બે પહોર, ચાર પહોર, ને પછી તો બબ્બે દિવસના કડાકા થવા લાગ્યા. પછી એક રાતે લખધીરજીના સ્વપ્નમાં ઇષ્ટદેવ આવ્યા ને બોલ્યા : 'બેટા, કાલ પ્રાગડના દોરા ફૂટતાં જ તને ગાયનું એક ધણ મળશે. એમાંથી એક કુંવારી કાળી ગાય મોખરે ચાલતી હશે. એ ગાય પોતાનો મોયલો પગ ઊંચો કરીને તારા સામે જોઈ જમીન ખોતરશે. ખોતરેલી જમીનમાં ખોદશે, તો તને એક

Website: http://www.allimagetool.com



પ્રતિમા જડશે. એ પ્રતિમાનાં દર્શન કરી રોજ જમજે, રથમાં પધરાવીને સાથે લઈ જજે, ને જ્યાં રથ ઊભો રહી જાય, ચસકે નહિ, ત્યાં તારો મુકામ કરી રહેજે. તારી ફતેહ થશે.'

બીજે દિવસે પ્રભાતે સ્વપ્નની વાત સાચી પડી. પાંચાળ ભૂમિમાં માંડવ ડુંગરની ધાર ઉપર જ ગાય મળી, ને મૂર્તિ જડી. એ માંડવ-રાજની પ્રતિમાને માતા જોમબાઈ ખોળામાં લઈને બેઠાં અને સોનાના થાળ સરખી પાંચાળ-ભૂમિમાં મોતીના દાણા જેવા ડુંગરા જોતા જોતા અગ્નિપુત્ર પરમારો આગળ ચાલ્યા. હવે, કેવો છે એ પાંચાળ દેશ ?

> કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ,
> નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ. (૧)

એ પાંચાળની જમીન રાતી છે, સુંદર સાલેમાર ડુંગર છે, અને એ દેવભૂમિમાં શૂરવીર પુરુષો નીપજે છે.

> ગૂઢે વસ્તરે ગોરચાં, પગ પિંડીનો તાલ,
> પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ. (૨)

પાંચાળની સ્ત્રીઓમાં વિશેષે કરીને કાઠિયાણીઓ અને ચારણિયાણીઓ હોવાથી એનો પહેરવેશ કાળા રંગનો છે, અને દેહનો વર્ણ ગોરો છે. એ રમણીઓ લચકાતે પગે નદીને તીરે પાણી ભરે છે.

> ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ,
> ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ. (૩)

જેવાં રૂપાળાં એ ગોરીઓનાં ઉદર, તેથી વધુ રૂપાળી એની છાતી છે. તેથીયે વધુ રળિયામણાં એનાં નાક અને નેણ છે. માથે લાંબા ચોટલા છે.

> નરનારી બન્ને ભલાં, કદી ન આંગણ કાળ,
> આવેલને આદર કરે, પડ જોવો પાંચાળ. (૪)

> આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ,
> સર ભર્યાં સારસ લવે, પડ જોવો પાંચાળ. (૫)

Website: http://www.allimagetool.com



જેની ધરતી લાંપડ (કાંટાવાળા) ઊંચા ઘાસથી ઢંકાયેલી છે, જેની નદીઓના પટમાં વીરડા ગાળીને લોકો તેલ જેવાં નિર્મળ પાણી પીએ છે, જેનાં ભરપૂર સરોવરડાંમાં સારસ પક્ષીઓ કલ્લોલ કરતાં હોય છે, એવી એ દેવભૂમિ પાંચાળ છે.

**નદી ખળકે નિર્ઝરણાં મલપતાં પીએ માલ,**
**ગાળે કસૂંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ. (૬)**

જ્યાં નદીઓ અને ઝરણાંઓ ખળખળ વહી રહેલ છે, જ્યાં માલધારીના માલ (ગાયભેંસો) ભરપૂર પાણીમાં મલપતાં મલપતાં નીર પીએ છે, જ્યાં ગોવાળ લોકો અફીણના કસૂંબા ગાળીને ગટગટાવે છે, એવો એ પાંચાળ દેશ છે.

**ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ**
**ચારપગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ. (૭)**

જ્યાં ઠાંગો અને માંડવ જેવા વંકા ડુંગરા છે, દુષ્કાળ કદી પડતો નથી, ચોપગાં જાનવરો ફરે છે એવો એ પાંચાળ દેશ છે.

**તાતા તોરિંગ મૃગકૂદણા, લીલા પીળા લાલ,**
**એવા વછેરા ઊછરે, પડ જોવો પાંચાળ. (૮)**

જ્યાં હરણ જેવી ફાળ ભરનારા પાણીદાર, રંગરંગના ઘોડા નીપજે છે.

**કૂકડકંધા મૃગકૂદણા, શત્રુને હૈયે સાલ,**
**નવરંગ તોરિંગ નીપજે, પડ જોવો પાંચાળ. (૯)**

જ્યાં કૂકડાના જેવી ઊભી ગરદનવાળા, અને દુશ્મનોના હૃદયમાં શલ્ય સમ ખટકનારા નવરંગી ઘોડા નીપજે છે, એવો એ પાંચાળ દેશ છે.

**કળ કોળી ફળ લીંબોળી, વનસ્પતિ હરમાળ,**
**(પણ) નર પટાધર નીપજે, જોય દેવકો પાંચાળ. (૧૦)**

કુળનાં જુઓ તો ઘણુંખરું કોળીના જ કુળ વસે છે.(કોળીની સંખ્યા બહુ મોટી છે), ફળમાં લીંબોળી બહુ થાય છે, અને વનસ્પતિમાં હરમાળ વધુ નીપજે છે. એમ છતાં ત્યાં મનુષ્યોમાં તો વીર પુરુષો પાકે છે, એ દેવભૂમિ પાંચાળ છે.

ચાલતાં ચાલતાં એક દિવસ એક રૂપાળા પ્રદેશની અંદર, એક નાની નદીની બરાબર વચમાં દેવનો રથ ઊભો રહ્યો. ઘણા બળદ જોડીને ખેંચ્યો, પણ પૈડાં ચસક્યાં નહિ. નાડાં બાંધી-બાંધીને રથ તાણ્યો, પણ નાડાં તૂટી ગયાં. લખધીરજીએ પોતાની પાઘડીનો છેડો ગળે વીંટી, પ્રતિમાની સામે હાથ જોડી કહ્યું : “ હે ઠાકર! તે દિવસ સ્વપ્નામાં તમે મને કહેલું યાદ છે કે જ્યાં રથ થંભે ત્યાં મારે ગામ બાંધીને રહેવું. પણ આ નદીને અધગાળે કાંઈ ગામ બંધાશે ? સામે કાંઠે પધારો તો ત્યાં જ આપની સ્થાપના કરું. ”

એટલું બોલીને પોતે જરા પૈડાને હાથ દીધો, ત્યાં તો આરસપા’ણની ભોં હોય તેમ રથ દડવા લાગ્યો. સામે કાંઠે જઈ ઉચાળા છોડ્યા, નાનાં ઝૂંપડાં ઊભાં કરી દીધાં, અને ચોપાસના નિર્જન મુલક ઉપર પરમારોની સિંધી ગાયો, ભેંસો, બકરાં, ઘેટાં ને ઊંટ, બધાં પોતાને ગળે બાંધેલી ટોકરીનો રણકાર ગજવતાં ગજવતાં લહેરથી ચરવા લાગ્યાં. જે નેરામાં રથ થંભી ગયો હતો તે અત્યારે પણ ‘નાડાતોડિયું’ એ નામથી ઓળખાય છે.

પારકી ભૂમિમાં ધણીની રજા વિના કેમ રહેવાય ? પરમારનો દીકરો—અને વળી પ્રભુનો સેવક—લખધીરજી તપાસ કરવા મંડ્યા. ખબર પડી કે વઢવાણના રાજા વીસળદેવ વાઘેલાનો મુલક છે. નાના ભાઈ મૂંજાજીના હાથમાં આખી વસ્તીને ભળાવી લખધીરજી વઢવાણ આવ્યા. દરબારગઢની ડેલીએ બેઠા બેઠા વીસળદેવ ચોપાટ રમે છે, ત્યાં જઈને પરમારે ઘોડીએથી ઊતરી,

Website: http://www.allimagetool.com



ઘોડીના પગમાં લોઢાની તાળાબંધી નેવળ નાખી, બગલમાં લગામ પરોવીને વાઘેલા રાજાને રામરામ કર્યા. કદાવર શરીર, પાણીદાર છતાં ભક્તિભાવભીની બે મોટી આંખો, અને હજુ તો ગઈ કાલે જ આબુના અગ્નિકુંડમાંથી 'માર! માર!' કરતો પ્રગટ થયો હોય એવો દેવતાઈ તેજસ્વી ચહેરો: જોતાં તો એક જુગની જૂની ઓળખાણ હોય તેમ તે પરમારપુત્ર વીસળદેવજીના હૈયામાં વસી ગયો. મહેમાન ક્યાં રહે છે, કેમ આવેલ છે, નામ શું છે, એવું પૂછ્યા વિના પાધરો રાજાએ સવાલ કર્યો:

"ચોપાટે રમશો?"

"જેવી મરજી."

"ઘોડી બાંધી દ્યો."

"ના, રાજ! ઘોડી મારી હેવાઈ છે. બીજે નહિ બંધાય. એક તરણુંયે મોંમાં નહિ લ્યે. હું બેસીશ ત્યાં સુધી ઊભી જ રહેશે."

હાંસલી પણ જાણે વાતચીત સમજી હોય તેમ તેણે એક કાનસૂરી માંડીને હણહણાટી દીધી. વીસળદેવજીના હૈયામાં વધુ પ્રેમ પુરાયો; અને ચોપાટ ખેલવામાં લખધીરજીનો સાધેલ હાથ જોઈને તો વીસળદેવ મોહ પામી ગયા.

સાંજ પડી એટલે વીસળદેવે ઓળખાણ પૂછી. લખધીરજીએ બધી વાત કહી સંભળાવી: "દુકાળ વર્તાવા વસ્તીને લઈને પારકરથી આવ્યો છું, રજા આપો તો માલ ચારીએ."

વીસળદેવ બોલ્યા: "એ ભોં તો ઉજ્જડ પડી છે: તમે પચાવી પડ્યા હોત તોપણ બની શકત; પણ તમે નીતિ ન તજી તેથી હું એ આખી ધરતી તમને સોંપું છું. સુખેથી ગામ બાંધો. પણ ઊભા રહો, એક શરત છે. રોજરોજ આંહીં ચોપાટ રમવા આવવું પડશે."

Website: http://www.allimagetool.com



લખધીરજીએ શરત કબૂલ કરી. હાંસલીના મોચલા પગમાંથી નેવળ છોડી, રાંગ વાળી, પોતાના પડાવ તરફ ચડી ગયા. ડાયરો જોઈ રહ્યો : 'વાહ રજપૂત ! કાંઈ વંકો રજપૂત છે ! રાજપૂતી આંટો લઈ ગઈ છે !'

દાયરાની આંખમાં એ વેણ બોલતી વખતે લાલ લોહી ભર્યું હતું. પેટમાં પાપ ઊગ્યું હતું.

એક દિવસ સાંજે લખધીરજી વઢવાણથી ચોપાટ રમીને પડાવ ઉપર પાછા ફર્યા ત્યારે મૂંજાજીએ એને વાત કહી : "ભાઈ, આજ તો હું પૂજા કરતો હતો ત્યારે માંડવરાજ બે વાર મારી સામે જોઈ ને હસ્યા !"

ચતુર લખધીરજીએ વાત રોળીટોળી નાખી, પણ અંતરમાં એને ફાળ પડી કે નક્કી મૂંજાજીને માથે ભાર છે : તે વગર પ્રતિમા હસે નહિ.

૨

"માડી ! સાંભળ્યું કે ?"

"શું છે, છોડી ?"

"આ ઓલ્યો રજપૂત રોજ રોજ મારા બાપુ પાસે ચોપાટે રમવા આવે છે, એની ખબર છે ને ?"

"હા, એ રોયો આવે છે ત્યારથી દરબારે ઓરડે આવવાનુંય ઓછું કરી નાખ્યું છે. કોણ જાણે શું કામણ મેલ્યું છે એ બોથડ સોઢાએ."

"મા, તમે તો બહુ ભોળાં છો. સાચી વાત કહું ? એ રજપૂત આવ્યો છે સિંધમાંથી. એને એક જુવાન બે'ન છે. મારા બાપુને વિવા કરવા છે એટલે આ રજપૂતને જમીન કાઢી આપી છે, ને રોજ આંહીં ચોપાટ રમવા બોલાવે છે. પોતે પણ ત્યાં જાય-આવે છે."

ઠાકોર વીસળદેવનાં ઠકરાણી અને એની વડારણ વચ્ચે એક દિવસ આવી વાત થઈ. લખધીરજીની લાગવગ વીસળ-

Website: http://www.allimagetool.com



દેવજી ઉપર એટલી બધી જામી ગયેલી કે એના વિના ખાવું ન ભાવે. આ રાજપ્રીતિ વઢવાણના દરબારી નોકરોથી નહોતી ખમાતી. લખધીરજીનો પગ કાઢવા માટે વાઘેલાઓએ રાણીવાસમાં આવી ખટપટ ઊભી કરી હતી.

રાણીને હાડોહાડ વ્યાપી ગઈ કે નક્કી રાંડ શોકય આવશે. એનાં રૂંવાડાં સડસડ બળવા લાગ્યાં. એનું પિયર સાયલે હતું. પિયરિયાં ચભાડ જાતનાં રજપૂત હતાં. પોતાના ભાઈભત્રીજાને બોલાવી કાળી નાગણ જેવી રાણી ફૂંફાડી ઊઠી: "મારું ચલણ છે ત્યાં લગી તને ઊભે ગળે વઢવાણમાંથી ખાવા પામો છો. રાજા નવી લાવશે એટલે તમારો પગદંડો પણ આંહીંથી નીકળી જશે. માટે મારા ભાઈઓ હો તો જાઓ, એ કાળમુખા રજપૂતોના લબાચા વીંખી નાખો, અને મારી-મારીને પાછા પારકરનો રસ્તો પકડાવો."

## ૩

**જંગલ તેતર ઊડિયો, આવ્યો રાજદુવાર,**
**ચભાડ સહુ ઘોડે ચડયા, બાંધી ઊભા બાર.**

"તેતર ઘવાણો, બરાબર ઘવાણો!" તીરંદાજોએ ચાસકા કર્યા. 'કિયો! કિયો! કિયો!' એવી કિકિયારી કરતું એક નાનું તેતર પક્ષી પાંખો ફફડાવી રહ્યું. પાંખ તૂટી પડવાથી ઊડી શકતું નથી. પગ સાબૂત છે તેથી દોટાદોટ કરવા લાગ્યું. વનનાં બીજાં પક્ષીઓએ કળેળાટ મચાવી મૂકયો.

"હા, હવે ધ્યાન રાખજો, ભાઈઓ! જોજો. તેતર બીજે જાય નહિ. હાંકો આ પરમારોના ઉચાળામાં. કજીયો જગાવવાનું બરાબર બહાનું જડશે."

એમ બોલતાં એ સાયલા ગામના ચભાડ તીરંદાજોએ

ઘાયલ થયેલા તેતરને ઘેરી લઈ સોઢા પરમારોના પડાવ તરફ હાંક્યો.

ચીસો પાડતો તેતર પાદરમાં દોડ્યો ગયો, અને બરાબર માતા જોમબાઈ પોતાના ઇષ્ટદેવ માંડવરાજની પ્રભાતપૂજા કરે છે ત્યાં જ પહોંચી દેવમૂર્તિના બાજઠની નીચે લપાઈ ગયો. મા જોમબાઈએ કિકિયાટા સાંભળ્યા ને આંહીં શરણાગત તેતરના શરીરમાંથી રુધિર ટપકતું દીઠું. પ્રભુજાપની માળા પડતી મૂકીને એમણે બાજઠ હેઠળથી હળવે હાથે તેતરને ઝાલી લીધો. એ લોહીતરબોળ પંખીને હૈયાસરસું ચાંપીને પંપાળવા માંડ્યું. માની ગોદમાં છોકરું લપાય તેમ તેતર એ શરણ દેનારીના હૈયામાં લપાઈ ગયો. મા તેતરને પંપાળતાં પંપાળતાં કહેવા લાગ્યાં કે : "બી મા, મારા બાપ! હવે આંહીં મારે હૈયે ચડ્યા પછી તને બીક કોની છે? થરથર મા હવે, આ તો રજપૂતાણીનો ખોળો છે, મારા બચ્ચા!"

ત્યાં તો બહાર ઝાંપે ધકબક બોલી રહી. ચભાડોનાં ઘોડાં હમચી ખૂંદતાં હતાં અને ચભાડો ચાસકેચાસકા કરતા હતા : "આંહીં ગયો. એલા, અમારો ચોર કાઢી આપો. કોના છે આ ઉચાળા?"

સોઢાઓ બધા પોતપોતાના ડેરામાંથી બહાર નીકળ્યા. પૂછવા લાગ્યા : "કોણ છો તમે સહુ, માડુ? આટલા બધા રીડિયા શીદ કરો છો? આંહીં બચરવાળોના ઉચાળા છે એટલું તો ધ્યાન રાખો, ભાઈઓ!"

"અમારો ચોર કાઢી આપો જલદી. ચોરી ઉપર શિરજોરી કરો મા." ચભાડોએ તોછડાઈ માંડી.

"કોણ તમારો ચોર?"

"અમારો શિકાર : જખમી તેતર."

સોઢાઓમાં હસાહસ ચાલી : "વાહ! રંગ તમને!

Website: http://www.allimagetool.com



એક તેતર સારુ આટલી બહાદુરી?"

ત્યાં તો ઝાંપે જોમબાઈ દેખાણાં. ગોદમાં તેતર છે. પડછંદ રજપૂતાણીએ પ્રતાપભેર પૂછ્યું: "શું છે, બાપ?"

"ઈ જ! ઈ જ અમારો ચોર! ઈ જ તેતર! લાવો પાછો."

"તેતર પાછો અપાય કાંઈ? એ તો મારો શરણાગત ઠર્યો, ભાઈ! વળી એ તો મારા ઠાકરના બાજઠ હેઠળ બેઠેલ હતો. એ ભગવાનનો શરણાગત મારાથી પાછો કેમ અપાય?"

**શરણ ગયો સોંપે નહિ, રજપૂતાંરી રીત,**
**મરે તોય મેલે નહિ, ખત્રી હોય ખચીત,**

"અને પાછા તમે તો બધા રજપૂત લાગો છો, બચ્ચાઓ!"

"હા, અમે ચભાડો છીએ."

"ત્યારે હું તમને શું શીખવું? શરણે આવેલાને રજપૂત ન સોંપી દે, એટલુંય શું તમારી જનેતાએ તમને ધાવણમાં નથી પાયું, બાપ?"

ચભાડો કોપ્યા: "હવે એ બધી વાત મૂકીને ઝટ અમારો ચોર સોંપી દ્યો."

"ભાઈ! તમે ઘર ભૂલ્યા." કહીને મા જોમબાઈએ તેતરને છાતીએ દાબ્યો, તેતરના માથા પર હાથ પંપાળ્યો.

"તો અમે તમારા લબાચા ફેંદી નાખશું. આંહીં પરદેશની માટી ઉપર તમે ભૂંડાં લાગશો."

જોમબાઈએ કહ્યું: "શીદ ઠાલા ઝેર વાવો છો? અમને પરદેશીઓને શા સારું સંતાપો છો? કહો તો મારાં ઘેટાં આપું, ગાય-ભેંસ દઉં, પણ શરણાગત કેમ સોંપ્યો જાય મારાથી?"

ચભાડોને તો કજિયો જોઈતો હતો. બહાનું જડી ગયું. સમશેરો ખેંચાઈ. એ મામલો દેખીને માતાએ જુવાન બેટા મૂંજાજીને પડકાર્યો :

મૂંજાને માતા કહે, સુણ સોઢાના શામ,
દળમાં બળ દાખો હવે, કરો ભલેરાં કામ.
મુંજા તેતર માહરો, માગે દૂજણ સાર,
ગર્વભર્યા ગુર્જરધણી, આપે નહિ અણવાર.

બેટા, એક ચકલ્યું છે, તોપણ એ આપણું શરણાગત ઠર્યું. આજ આપણે મર્યામાર્યા વગર છૂટકો નથી. ભલે આજ ચભાડો પારકરા પરમારની રજપૂતી જોતા જાય.

"વાહ મારી જનની!" કહી મૂંજોજી તેગ લઈને ઊઠ્યો : "હું તો પરમારને પેટ ધાવ્યો છું ના!"

ધ્રુવ ચળે મેરુ ડગે, ગમ મરડે ગિરનાર,
[તોય] મરડે કયમ મૂળીધણી, પગ પાછા પરમાર ?

ધ્રુવનો તારો ચળે, મેરુ પહાડ ડગમગે, ગિરનાર પોતાનું પડખું ફેરવે, તોપણ પરમાર પાછો પગ કેમ માંડે ?

પછી તો તે દિવસે—

* સંવત ચૌદ ચુમોતરે, સોઢાનો સંગ્રામ,
રણઘેલે રતનાવતે, નવખંડ રાખ્યું નામ.

સંવત ૧૪૭૪માં સોઢાએ સંગ્રામ જમાવ્યો. રણઘેલા રતનજીના પુત્રે નવે ખંડમાં નામ રાખ્યું.

વાર શનિચર શુદ પખે, ટાઢા પૂરજ ત્રીજ,
રણ બાંધે રતનાવતો, ધારણ મૂંજો ધીજ.

ફાગણ મહિનાના શુકલ પક્ષની ત્રીજ ને શનિવારના રોજ રતનજીના પુત્રે રણતોરણ બાંધ્યું.

* 'રાસમાળા'નો પાઠ : 'સંવત સાત પનોતરે.' પણ સાતસો પંદર અતિ વહેલું છે.

Website: http://www.allimagetool.com



મા જુએ છે ને બેટો ઝૂઝે છે: એવું કારમું ધીંગાણું મંડાઈ ગયું. ચભાડોનાં તીરભાલાં વરસ્યાં, પરમારોની ખાંગોએ ખપ્પર ભર્યાં, અને દિવસ આથમતે તો —

> **પડયા ચમાડહ પાંચસેં, સોઢા વીસું સાત,**
> **એક તેતરને કારણે અળ રાખી આખયાત.**

પાંચસો ચભાડો કપાઈ ગયા, સાત વીસું (૧૪૦) સોઢા કામ આવ્યા. એમ એક તેતરને કારણે સોઢા પરમારોએ પૃથ્વી પર પોતાની ઇજ્જત આબાદ રાખી.

લખધીરજી તો તે વખતે વીસળદેવની ડેલીમાં ચોપાટ રમવામાં તલ્લીન હતા. એમને આ દગાની ખબર નહોતી. રાણીએ લખધીરજીને પણ તે જ દિવસે ત્યાં ટૂંકા કરવાનું કાવતરું રચેલું. સાંજ પડી એટલે વીસળદેવને રાણીએ બોલાવી લીધા; કહ્યું: “ હવે આંહીં બેસો. ”

“ પણ મહેમાન એકલા બેઠા છે. ”

“ મહેમાનને એકલા નહિ રાખું; હમણાં એના ભાઈયુંની હારે જ સરગાપુરીની સાથ પકડાવી દઈશ. ’

“ રાણી, શું આ બોલો છો ? ”

“ ઠીક બોલું છું. એ વાઘરીની દીકરી હારે તમારે પરણવું છે, કાં ? ”

“ તમે આ શી વાત કરો છો ? ”

“ હું બધુંય જાણું છું, પણ આજ તો મારા ભાઈઓએ તમામને જમપુરીમાં પહોંચતા કર્યા હશે ! ”

વીસળદેવ બધો ભેદ સમજ્યો: દોડતો દોડતો ડેલીએ આવ્યો. લખધીરજીને કહે: “ ભાઈ, જલદી ભાગ, તારે માથે આફત છે, ફરી આંહીં આવીશ મા ! ”

છબ દઈને લખધીરજી ઘોડી ઉપર પલાણ્યો; પણ ગઢ વળોટવા જાય ત્યાં તો રાણીના કાવતરાબાજો આડા ફર્યા.

Website: http://www.allimagetool.com



"મને કોઈ રીતે જાવા દ્યો ?"

"હા, તારી હાંસલી દેતો જા."

"ખુશીથી, પણ દરવાજે. આંહીં બજારમાં હું ગરાસિયો ઊઠીને ભોંય ચાલીશ તો મારી આબરૂ જાશે."

દરવાજે પહોંચીને હાંસલીના ડેબામાં પગની એડી મારી ત્યાં હાંસલી ઊડીને એક નાડાવા જઈ ઊભી. લખધીરજી બોલ્યો કે: "લ્યો બા, રામરામ! રજપૂતનાં ઘોડાં ને ડોકાં, બેય એકસાથે જ લેવાય એટલી વાત હવેથી ભૂલશો નહિ."

હાંસલીને જાણે પાંખો આવી; ઘણુંય દોડવા જાય, પણ શું કરે ? પગમાંથી લોઢાની નેવળ કાઢતાં લખધીરજી ભૂલી ગયેલો હતો, પાછળ વઢવાણની વાર હતી એટલે ઊતરીને નેવળ છોડાય તેમ નહોતું. પછી તો હાંસલીને છલંગો મારવાનું જ રહ્યું. હાંસલી ધરતી ઉપર ચાલે તે કરતાં ત્રણગણું તો હવામાં ઊડવા લાગી. એમ કરતાં રસ્તામાં એક ૧૮-૨૦ હાથનો વોંકળો આવ્યો. પાણી ભરપૂર હતું. જે ઘડીએ હાંસલી ટપીને બીજે કાંઠે પહોંચી તે ઘડી નેવળ તૂટી ગઈ.*

રસ્તામાં લખધીરજીને ફાળ પડી ગઈ હતી. મુકામ ઉપર આવીને જુએ, તો મા મૂંજાજીના શબનું માથું ખોળામાં લઈ ને બેઠાં હતાં. એક તેતરને કારણે મૂંજો મરે, એ વાત સાંભળીને લખધીરજીની છાતી સવા વેંત ઊંચી ચડી. માને કહે કે "મા, આજ રોવાનું ન હોય. આજ તો ધોળમંગળ ગાવાનો દિવસ છે, આજ તમારી કૂખ દીપાવીને મૂંજો સ્વર્ગે ગયો. જુઓ મા, જોયું મૂંજારા મોં ? હમણાં ઊઠીને તમને ઠપકો દેશે! આવું મોત તો તમારા ચારે દીકરાને માટે માગજો, માડી!"

* ત્યારથી એ વોંકળાનું નામ આજ પણ 'ઘોડાપટ' કહેવાય છે.

Website: http://www.allimagetool.com



"બાપ લખધીર, તારો બાપ સ્વર્ગે સિધાવ્યા ને શ્રી આ મૂંજો પેટમાં હતો, એટલે મારાથી એની સંગાથે જવાણું નહિ. આજ તારા બાપની ને મારી વચ્ચે વીસ વીસ વરસનું છેટું પડી ગયું. હવે તો મૂંજાને સથવારે જ મને રાજી થઈને જાવા દે."

ચેહ ખડકાવીને માતાજી દીકરાનું શબ લઈને સતી થયાં. આજ પણ એ જગ્યાએ જોમબાઈ માતાનો પાળિયો છે. આજ પણ જે બાઈને છાતીએ ધાવણ ન આવતું હોય તે આ પાળિયાને પોતાનું કાપડું અડાડી આવે તો ધાવણની શેડો છૂટે છે એવી લોકવાયકા છે.

મા અને ભાઈને સ્વર્ગે વળાવીને લખધીરજી શોકમાં નહોતો પડી ગયો. એણે એ ઠેકાણે ગામ બાંધ્યું. એક રબારણ રોજ દૂધ આપી જતી તેને લખધીરજીએ બહેન કહેલી. એનું નામ મૂળી હતું. મૂળીની મમતાથી પરમારે ગામનું નામ મૂળી રાખ્યું.* એ રીતે આજનું મૂળી સોઢા પરમારોની રાજધાની બન્યું.

---

* કોઈ કહે છે કે એ મૂળી દેદ હતી.

Website: http://www.allimagetool.com



# એક અબળાને કારણે

સિંધમાં તે સમયે એક સૂમરો રાજા રાજ કરતો હતો. સૂમરાના દરબારમાં હેબતખાન નામના એક જતની નોકરી હતી. સૂમરાના કાનમાં કોઈએ મોહિની રેડી કે હેબતખાનના ઘરમાં સૂમરી નામની પદ્મણી જેવી કન્યા છે. કામદેવના ભૂવા સરખા સૂમરાએ હેબતખાનની કન્યાનું માગું મોકલાવ્યું.

હેબતખાને ના પાડી; જવાબ વાળ્યો : "રાજાના હીરામોતીના હારની બેડીઓ કરતાં તો મારી સૂમરીને હું કોઈ મારા જેવા ગરીબના ઘરની ઘરવાળી બનાવીશ."

સૂમરાએ નકાર સાંભળીને હુકમ કર્યો : "નાસવા માંડ, છ મહિને જબરજસ્તીથી તારી છોકરી ઝૂંટવી લઈશ."

હેબતખાન પોતાના કબીલાને લઈ પોતાના રસાલા સાથે ભાગવા મંડ્યો. ભૂજમાં આવીને એણે રાવનું શરણું માગ્યું. રાવે તો પોરસમાં આવી જઈ આશરો દીધો, પણ રાવના અમીર-ઉમરાવોએ ને કામદારે સિંધ તરફ આંગળી ચીંધીને બતાવ્યું : "સૂમરાનાં ભાલાં આવીને હમણાં ભૂજને રોળી નાખશે." કામદારે હેબતખાનને કહ્યું : "ચાલ્યો જા." ભરકચેરીમાં હેબતખાને રાવને પૂછ્યું : "આ હુકમ આપનો છે ?"

રાવની આંખો ભોંયમાં ખૂંતી ગઈ. એણે માથું ઊંચું કર્યું નહિ. 'યા અલ્લાહ !' કહીને હેબતખાન પોતાના બાળબચ્ચાં લઈ ચાલતો થયો.

Website: http://www.allimagetool.com



બધા જતો જામનગરમાં રોકાઈને આશરો માગવા ગયા.જામનગરે સંભળાવ્યું : "ભૂજે ન સંઘર્યો, તો મારું શું ગજું ?" નગરનાં બારણાં બંધ જોઈને જતા ધ્રોળ રાજમાં ગયા. ધ્રોળથી જાકારો સાંભળીને આખો કબીલો મોતની તૈયારી કરી ચાલી નીકળ્યો.

માર્ગે મૂળી ગામનો ટીંબો આવ્યો. પાદરમાં જ જુવાન સોઢાઓ રમતા-ખેલતા હતા. જુવાનોએ આ જતોનાં બાળકોને રોતાં સાંભળ્યાં, લીંબુની ફાડ જેવી આંખોમાંથી બોર બોર જેવડાં પાણી પાડતી જતાણીઓને જોઈ. મૂળીને પાદરથી એક વટેમાર્ગુ પણ પોરો ખાધા વગર જાય નહિ, અને આ રોતાંકકળતાં દોઢ હજાર મુસાફરો કાં સીધાં ચાલ્યાં જાય ? સોઢાઓએ જતને પૂછ્યું : "ભાઈ ક્યાં જાવું ?"

"જાવું તો દરિયામાં."

"કેમ, એમ ?"

"ધરતી અમને બધેયથી જાકારો દે છે, એને અમારો ભાર આકરો થઈ પડ્યો છે."

"આમ આડું કેમ બોલો છો, ભા ?"

"આડું નથી બોલતા, ભાઈ ! સાચું જ કહીએ છીએ. પરશુરામે એકેય રજપૂત ક્યાં રહેવા દીધો ?"

"પણ, ભાઈ, બોલો તો ખરા, શી આફત છે ?"

હેબતખાને બધી વાત કહી સંભળાવી. પરમારોમાં વાત પ્રસરી ગઈ. મૂળીને ટીંબે મોટા લખધીરજીથી ચોથી પેઢીએ લખધીર બીજાનું પાટ તપતું હતું. એણે જઈને પોતાની વૃદ્ધ માતાને પૂછ્યું : "માડી, જતોને આશરો આપું ?"

પરમાર માતા બોલ્યાં : "દીકરા, આજ એક વાત મને સાંભરી આવે છે : તું નાનો હતો. એક વખત હું

Website: http://www.allimagetool.com



નાહવા બેઠી હતી, ત્યારે તું રોતો હતો. હું આવીને જોઉં, ત્યાં તો તને વડારણ ધવરાવતી હતી. મેં તને ઊંધે માથે લટકાવીને વડારણનું ધાવણ ઓકાવી નાખેલું. પણ આજ લાગે છે કે એકાદ ટીપું તારા પેટમાં રહી ગયું હશે, નહિ તો પરમારનો દીકરો નિરાધારને આશરો દેવાને ટાણે રજા લેવા આવે નહિ." એટલું બોલતાં તો માની મોટી મોટી આંખોમાંથી આંસુડાં ચાલ્યાં ગયાં.

"માડી! તમારે અક્કેક આંસુએ મારો અક્કેક અવતાર ઓળઘોળ કરું." એટલું કહી માને પાયે માથું અડાડી જુવાન લખધીરજી ઊપડતે પગે ચાલ્યો ગયો. આખો ડાયરો લઈને જતોની આડો ફર્યો: "જવાય નહિ, મૂળીના કૂબામાં જેટલી જગ્યા હશે તેટલી તમને કાઢી દેશું; અને રક્ષણ નહિ કરી શકાય, તોય મરશું તો ખરા!"

હેબતખાન બોલ્યો: "હું પારકાને રક્ષણે જીવવાના લોભે નથી આવ્યો, પરમારો! હું તો ફક્ત આટલી જ શાંતિથી મરવા માગું છું કે આખરે અમને સંઘરનાર રજપૂત મળ્યા ખરા."

પરમારોએ જતોને ઓરડા કાઢી આપ્યા. જતના ઉચાળાને વીંટીને રાતદિવસ પરમારોનો પહેરો બેસી ગયો. ત્યાં તો સૂમરાની ફોજના પડઘા બોલ્યા.

મૂળીની ભોં થાળી જેવી સપાટ છે. થોડે માણસે એ ભોંમાં બચાવ થઈ શકે નહિ. તેથી જત અને પરમારોએ માંડવના વંકા ડુંગર ઉપર આશરો લીધો. સૂમરાની ફોજ ડુંગરાની તળેટીમાં ઓડા લગાવી બેઠી. પણ ઉપર જવાનો લાગ આવતો નથી. ઉપર ચડવાની એ વિકટ કેડીએ જનાર શત્રુ કાં તો પલભરમાં ઉપરની ગોળી ખાઈને મરે છે, કાં તો તે નીચેનાં ઊંડાં કોતરોમાં ઊડી પડે છે. એમ છ મહિના વીત્યા. એક દિવસ પરમારોના મુકામમાં કુંવર હાલાજીએ

Website: http://www.allimagetool.com


વેલા નામના હજામને કાંઈ ક આકરાં વેણ કહ્યાં હશે, તે ન સંખાવાથી વેલો ભાગીને સૂમરા બાદશાહની છાવણીમાં આવ્યો. આવીને કહ્યું : “ શું કામ મરો છો ? તમને એક દિવસમાં જિતાડું. ”

બાદશાહ કહે : “ શાબાશ ! હું તને ગામગરાસ આપીશ. ”

વેલાએ ઇલાજ બતાવ્યો. ડુંગરની પાછળના ભાગમાં એક બહુ જ વંકી છૂપી જગ્યાએ પરમારોને પાણી પીવાનો એક કૂવો હતો. એ એકના એક જળાશયમાં વેલા હજામે સૂમરાઓને હાથે બે ગાયો કપાવી નખાવી.

સાંજે આવીને પરમારોના પખાલીઓએ કૂવાને ભ્રષ્ટ થયેલો જોયો. પરમારોએ પોતાનું મોત સામે ઊભેલું દીઠું અને જતોને જણાવી દીધું : “ ભાઈ઼ઓ, સવારે ઊઠીને અમે તો ઝાડીમાંથી નીકળીને કેસરિયાં કરશું; પણ તમે મુસલમાન કોમ છો; તમને એ પાણી પીવામાં વાંધો નથી, તમે સુખેથી જિવાય ત્યાં લગી જીવજો. અમારા છેલ્લા રામરામ છે ! ”

હેબતખાને જવાબ વાળ્યો : “ શું એકલા પરમારો જ મરી જાણે છે ? આજે જુઓ તો ખરા, જતના લોહીમાં પરમારના લોહી જેટલી જ ક્ષાત્રવટ ભરી છે કે નહિ ? ”

રાત પડી ત્યાં તો જતાણીઓમાં કાળો કકળાટ થઈ રહ્યો : “ અરેરે ! દૂધિયા દાંતવાળા પરમારોને આવતી કાલે તો જારનાં ડૂંડાંની જેમ વાઢી નાખશે, અને હજી તો માની ગોદમાંથી ચાલી આવતી રંભા જેવી રજપૂતાણીઓ કાલે પ્રભાતે ચિતા ઉપર ચડશે. હાય રે પાપણી દીકરી, સૂમરી ! હાય ડાકણી ! તું કેટલાને ભરખી લઈશ ! ”

સૂમરીએ એક ખૂણામાં બેઠાં બેઠાં આ મે'ણાં સાંભળ્યાં. અધરાત ભાંગી અને સહુ જતાણીઓની આંખ મીંચાઈ. તે વખતે સૂમરી કિલ્લાના ચોગાનમાં આવીને ઊભી રહી.

આકાશમાં ટમટમ ઝબૂકતાં ચાંદરડાં સામે જોઈ રહી. એના હૈયામાંથી નિસાસો નીકળી ગયો : “ રે ખુદા ! મારો શો ગુનો ? મને આવડું બધું રૂપ કાં દીધું ? ”

સવારને પહોરે સૂર્ય મહારાજે જ્યાં ઉદયાચળને માથે કોર કાઢી, ત્યાં તો કેસરિયા વાઘા સજીને પરમારો નીકળ્યા. જતો પણ સાથે જ નીકળ્યા. સૂમરા સાથેના એ સંગ્રામમાં હેબતખાનનો એકનો એક જુવાન દીકરો કામ આવી ગયો. રાંડેલ ભાભીએ સૂમરીને સંભળાવ્યું : “ ચુડેલ ! તારા સગા ભાઈનેય તેં આજ ભરખ્યો ? ”

સૂમરીને કાળજે જાણે છેલ્લું તીર ભોંકવાનું હતું તે ભોંકાઈ ગયું. રાતે સોપો પડી ગયો તે વખતે છાનીમાની બહાર નીકળી, એક ગોવાળિયાના છોકરાને સાથે લઈ સૂમરી સાંઢય ઉપર ચડી, અને ખુદા બતાવે તે માર્ગે પંથ કાપવા માંડ્યો. એ વાતની ખબર પડતાં જ એની પાછળ સૂમરાઓ ચડ્યા. બરાબર બગબગું થયું તે ટાણે સૂમરી વણોદ ગામને પાદર પહોંચી. પાછું વાળીને જુએ ત્યાં તો સૂમરાના ઘોડા આડા ફરી વળેલ જોયા !

‘ હે અમ્મા, મારગ દેજે ! ’ એટલું કહીને સૂમરીએ સાંઢય ઉપરથી પડતું મેલ્યું. ધરતી ફાટી, અને મા જેમ રોતા બાળકને પોતાને થાનોલે વળગાડીને ઉપર પાલવ ઢાંકે, તેમ ધરતીએ પણ સૂમરીને અંદર લઈ પોતાનું પડ ઢાંકી દીધું. સૂમરી જે ઠેકાણે સમાઈ ગઈ ત્યાં એની ચૂંદડીનો એક છેડો બહાર રહી ગયો હતો. અત્યારે ત્યાં ‘ સૂમરી બીબીનું તળાવ ’ છે, ને કબર છે. એ કબરની માનતા ચાલે છે.

અહીં માંડવના ડુંગર ઉપર તો જુવાનડાઓ હોળી ખેલતા હોય તેમ લોહીની શેડો છૂટતી હતી. ઈસાજી નામનો એક જત દુશ્મનની કારમી ગોળી ખાઈને કંડોળાની ટેકરી ઉપર પડ્યો હતો, અને એનાથી થોડે આઘે લખધીરનો

Website: http://www.allimagetool.com


કાકો આસોજી પણ ઘાયલ થઈને સૂતો હતો. બેયનાં અંગમાંથી ખળળ ખળળ લોહીની રેલ ચાલતી હતી. ઈસોજી પડચો પડચો પોતાના લોહીના રેલા આડે માટીની પાળ બાંધતો હતો. મોતની પીડામાં કષ્ટાતો આસોજી પૂછવા મંડચો : "ભાઈ ઈસા ! મરતી વખતે શું તને ચાળો ઊપડચો ? માટી શીદ ફેંકી રહ્યો છો ?"

ઈસો જવાબ આપે છે : "હે ભાઈ, આ ચાળો નથી. આ મારું — મુસલમાનનું — લોહી છેલ્લી ઘડીએ તારા લોહીમાં ભેળાઈને તને ભ્રષ્ટ ન કરે, ને તારું મોત ન બગાડે, માટે હું આડી પાળ બાધું છું !"

"એ ઈસા ! મ બોલ, મ બોલ ! મોત બગડતું નથી, સુધરે છે. આજ છેલ્લી પથારીએ સૂતાં સૂતાં આભડછેટ ન હોય. ન અટકાવ, ન અટકાવ. આપણાં લોહીને ભેળાવા દે."

**ઇસા સુણ, આસો કહે, મરતો પાળ મ બાંધ,**
**જત પરમારાં એક જો, રાંદ્યો ફરી મ રાંધ.**

એ સાંભળીને ઈસાજીએ પોતાના લોહીને વહેવા દીધું. બેયનાં લોહી ભેળાં રેલ્યાં. ત્યારથી જત અને પરમાર પરસ્પર પરણે છે. એ લોહીનાં આલિંગન અમર રહી ગયાં છે.

ત્યાં તો વણોદથી વળી આવેલા સવારોએ ખબર આપ્યા કે જેને માટે વેર મંડાયું હતું તે તો ધરતીમાં સમાઈ ગઈ. પોતાની દીકરી જીવતી દુશ્મનોના હાથમાં ન ગઈ, અને મોત વહાલું ગણ્યું, તે જોઈને જતો પ્રસન્ન થયા. પણ પરમારોને તો એ સ્ત્રીની આત્મહત્યા સ્ત્રીહત્યા જેટલી જ વસમી લાગી. પરમારો હતાશ થઈ ગયા. સૂમરાએ તો પરમારોની કતલ કરી નાખી હતી. તે ઉપરાંત એણે હાલાજીને કેદ કરીને લખધીરજીને કહ્યું : "મારા લશ્કરને સિંધમાંથી આવવાનું ખર્ચ નહિ આપ. તો

Website: http://www.allimagetool.com



હાલાજીને ઉપાડી જઈ મુસલમાન કરીશ.”

લખધીરજીએ અમદાવાદના બાદશાહ મહમ્મદ બેગડાની સહાય માગી. બેગડાએ વચ્ચે પડી લશ્કરનું ખર્ચ લખધીરજી ચૂકવશે એવી બાંયધરી દીધી, અને ખર્ચ પરમારો ન ભરે ત્યાં સુધી હાલાજીને પોતાના કબજામાં રાખવાનું ઠરાવ્યું.

૨

હાલોજી પરમાર મહમ્મદશાહની સાથે અમદાવાદ જઈ રહ્યો. બાદશાહની ઉમેદ હતી કે હાલાજીને મુસલમાન બનાવવો; પણ જોરજુલમથી નહિ — એને ઇસ્લામનું સાચું નૂર બતાવીને. તેથી બાદશાહે ચાર મરજાદી બ્રાહ્મણોને બોલાવીને હાલાજીના રસોડા ઉપર મૂકયા. હાલાજી જરાય ન દુભાય તેવી રીતે બાદશાહે બંદોબસ્ત કરાવ્યો. બીજી તરફ એને ઇસ્લામ ધર્મનાં રહસ્યો સમજાવવા મૌલવીઓ રાખ્યા. પણ હાલાજીનું મન પલળ્યું નહિ. સૂમરાની ખંડણી પૂરી થયે હાલોજી પોતાના ભાઈની પાસે મૂળી ચાલ્યો ગયો.

પાંચમે જ દિવસે મારતે ઘોડે હાલોજી પાછો અમદાવાદ આવ્યો. ભરકચેરીમાં હાંફતી છાતીએ હાલોજી આવીને બોલી ઊઠયો : “બાદશાહ સલામત! મને મુસલમાન બનાવો, જલદી મને મુસલમાન બનાવો.”

બાદશાહ તાજુબ બની ગયા. એમણે બધી હકીકત પૂછી. હાલાજીએ હકીકત કહી.

“હું મારે ઘેર ગયો, આપે આંહીં મને કેવી રીતે પવિત્ર રાખ્યો તેની વાત મેં મારાં ભાઈ-ભાભીને કહી સંભળાવી. ત્યાર પછી મને તરસ લાગવાથી હું પાણિયારે જવા ઊઠયો, ત્યાં તો મારી ભાભી આડી ફરીને ઊભી રહી. ભાભીએ કહ્યું : ‘તમે પાણીને ગોળે અડશો મા.’

“મેં કહ્યું : ‘ભાભી, હાંસી કરો છો કે શું?’ ભાભી

Website: http://www.allimagetool.com



બોલ્યાં: 'ના, હાંસી નથી, ખરું છે.' તોય હું હાંસી સમજ્યો, ચૂલા પાસે જવા ચાલ્યો, પણ ભાભીએ ક્રોધ કરીને કહ્યું: 'તમે તો મુસલમાનની ભેળા રહી આવ્યા છો. હવે તમે ચોખ્ખા ન ગણાઓ.' જહાંપનાહ, જો હિન્દુ ધર્મ આવો સાંકડો હોય તો મુસલમાન જ કાં ન થઈ જવું? મને મુસલમાન જ બનાવો."

હાલોજી મુસલમાન બન્યો; બાદશાહે લખધીરજીને મૂળીથી અમદાવાદ બોલાવ્યા, અને હુકમ દીધો કે રાણ-પુરની ચોવીસી હાલાને આપો. બાદશાહે પોતે બીજાં ચાર ગામ પણ હાલાજીને મસાલમાં આપ્યાં; એ રીતે હાલાજીને રાણપુરની ગાદી પર મોકલ્યા. સાથે મોગલ, શેખ, સિપાઈ, લોદી અને બલમલા રાઠોડ એમ ચાર અમીરો આપ્યા; એક મસાલ આપી.

૩

એક દિવસ હાલોજી પરમાર રાણપુરથી જમાબંધી ભરવા માટે ધંધુકા ગયા છે. તે જ દિવસે કાઠીઓએ ધંધુકાની ગાયો વાળી. ગામમાં વસ્તીનાં કલ્પાંત સાંભળીને હાલાજીનું હૃદય હલમલી ઊઠ્યું. મનમાંથી અંતર્યામી દેવ બોલ્યા: "હાલાજી, તારી કાયા ભલે વટલી, પણ રુદિયો તો ગૌબ્રાહ્મણપ્રતિપાળનો રહ્યો છે ને! આજ તું બેઠાં કાઠી ગાયો વાળી જશે? હે અગ્નિપુત્ર! બાપદાદાના બિરદ સંભાર!"

એકલ પંડ હાલોજી ગાયોની વહારે ચડ્યા. ધંધુકાની દક્ષિણે એક ગાઉ ઉપર કાઠીઓની સાથે ભેટો થયો. અને ધીંગાણામાં હાલોજી કામ આવ્યા. આજ સરવરશા પીરની જગ્યામાં એમની પાંચેક હાથ લાંબી કબર મોજૂદ છે.

હાલાજીનાં રાણી પોતાના દીકરા હાંસુજીને તેડી બાદશાહની પાસે ગયાં. રાણીની અરજથી, જે જગ્યાએ

ગાયોને કારણે હાલોજી કામ આવ્યા તે આખી જગ્યા બાદશાહે ગૌચરમાં આપી દીધી. *

હાલાજીના માથામાં બાદશાહે હાંસુજીને ભૂતિયા, ભડરિયા, દાંતિયા ને જાંબુડિયા નામનાં ચાર ગામડાં પણ આપેલાં. તે ગામ આજે ઉજ્જડ થઈ ધંધુકાની સીમમાં ભળી ગયાં છે. હજુયે એના ઢોરા એંધાણીઓ તરીકે મોજૂદ છે, અને એ ગામો ઉપરથી મારગોનાં નામ પણ પડેલાં છે.

---

* આજે અંગ્રેજ સરકારે એ જગ્યાની સરકારી વીડી બનાવી નાખી છે.

Website: http://www.allimagetool.com

# ૫

# સિંહનું દાન

મૂળીની પાટ ઉપર સાતમી પેઢીએ ચાંચોજી થઈ ગયા. એક વખત હળવદના રાજરાણા કેસરજી, ધ્રોળના રાજા અને ચાંચોજી એકસાથે ગોમતીજીમાં નાહવા ગયા હતા. ગોમતીજીમાં સ્નાન કરતી વખતે ધ્રાંગધ્રાના તથા ધ્રોળના દરબારે કાંઈક વ્રતો લીધાં; પણ ચાંચોજીએ તો એવું વ્રત લીધું કે 'મારી પાસે જે કાંઈ હશે તે હું મારા જાચનારને આપીશ.'

ત્રણે જાત્રાળુઓ ઘરે આવ્યા. બે મોટા દરબારોનાં વ્રત થોડે વખતે છૂટી ગયાં, પણ ચાંચોજીની પ્રતિજ્ઞા તો જીવસટોસટની હતી.

હળવદ દરબારે પોતાના દસોંદી ચારણને ઉશ્કેર્યા. વચન આપ્યું કે પરમારનું નીમ છોડાવ તો તું જે માગે તે તને આપું.

ચારણ કહે: "પરમારનો પુત્ર હું માથું માગીશ તો માથુંયે વધેરી દેશે."

દરબાર કહે: "એવું કંઈક માગ કે પરમારને ના પાડવી પડે."

ચારણ મૂળી આવ્યો. ભરકચેરીમાં દેવીપુત્ર અને અગ્નિપુત્ર ભેટીને મળ્યા. ચાંચોજી કહે: "કવિરાજ, આશા કરો."

"બાપ! તમથી નહિ બને."

"શા માટે નહિ? માંડવરાજ જેવો મારે માથે ધણી

Website: http://www.allimagetool.com



છે. આ રાજપાટ ઉપર તો એની ધજા ફરકે છે, મારી નહિ. કોઈ દિવસ આ રાજપાટના ગુમાન કર્યાં નથી; માંડવરો ધણી એની લાજ રાખવા જરૂર આવશે."

"અન્નદાતા, મારે તારી રિદ્ધિસિદ્ધિની એક પાઈયે નથી જોતી. તારા લાખપશાવ પણ ન ખપે. તારા માથાનો પણ હું ભૂખ્યો નથી."

"જે માગવું હોય તે માગો."

ચારણે ગોઠણભર થઈને દુહો કહ્યો કે :

**અશ આપે કે[1] અધપતિ, દે ગજ કે દાતાર,**
**સાવજ દે સું સાવભલ,[2] પારકરા પરમાર!**

કોઈ રાજા ઘોડાનાં દાન કરે, તો કોઈ હાથી આપે. પણ હે સહુથી ભલા રાજા, તું મને જીવતો સાવજ આપ.

"સાવજ!" સભાનો અવાજ ફાટી ગયો.

"હા, હા, જીવતો સાવજ!" ચારણે લલકાર કર્યો :

**જમીં દાન કે દે જબર, લીલવળું લીલાર,**
**સાવજ દે સું સાવભલ, પારકરા પરમાર!**

કોઈ જબરા રાજાઓ જમીનનાં દાન આપે, કોઈ પોતાનાં લીલાં માથાં ઉતારી આપે, પણ હે પરમાર, તારી પાસે તો હું સાવજ માગું છું.

હાહાકાર કરીને આખી કચેરી તાડૂકી ઊઠી: "ગઢવા, આવું માગીને પરમારની આબરૂ પાડવામાં વડાઈ માનો છો કે?"

ચારણે તો બિરદાવળ ચાલુ જ રાખી :

**કોડપસાં દે કચ્ચંદને, લાખપસાં લખવાર,**
**સાવજ દે સું સાવભલ, પારકરા પરમાર!**

---

૧. કોઈ. ૨. સહુથી ભલા.

Website: http://www.allimagetool.com



તું બીજા કવિઓને ભલે ક્રોડપસાવ અને લખપસાવનાં દાન દેજે, પણ મને તો, હે પારકરા પરમાર, સાવજ જ ખપે.

"ગોઝારો ગઢવો!" સભામાં સ્વર ઊઠયો. ગઢવીએ ચોથો દુહો ગાયો :

> દોઢા રંગ તુંને દઉં, સોઢા, બુદ્ધિ સાર,
> મોઢે ઊજળો દે મને, પારકરા પરમાર!

હે સારી બુદ્ધિવાળા સોઢા પરમાર, હસતું મોં રાખીને મને સાવજ દેજે, એટલે હું રાજાઓની કચેરીમાં તારાં દોઢાં વખાણ કરતો કરતો જ કસુંબા લઈશ.

ચાંચોજીના મુખની એકેય રેખા બદલી નહિ. મોં મલકાવીને એણે કહ્યું : "કવિરાજ, આવતી કાલે પ્રભાતે તમને સાવજનાં દાન દેશું."

*

મધરાતે માંડવરાજના થાનકમાં જઈને ચાંચોજીએ અરજ ગુજારી : "એ સૂરજદેવ! જીવતો સાવજ શી રીતે દઉં? તારી ધજા લાજે નહિ એવું કરજે, દેવ!"

દેવળના ઘુમ્મટમાંથી ધણધણાટી દેતો અવાજ આવ્યો : "હે ક્ષત્રી! એમાં મારી પાસે શું આવ્યો? મારા ડુંગરમાં આટલા આટલા સાવજ ડણક દઈ રહ્યા છે; તું ક્ષત્રી છો, તો એમાંથી એકાદને ઝાલી લે!"

બીજો દિવસ થયો. પ્રભાતે આખી કચેરીને લઈને ચાંચોજી ચોટીલાના ડુંગરમાં ગયા. ચારણને કહ્યું : "ચાલો, કવિરાજ, સાવજ આપું."

પરમારના ચારણોએ બિરદાવળ ઉપાડી :

> પાંચાળી ચાર પૂરિયાં, વીઠલ, તેં વણપાર,
> શરમ રાખ્યા ચાંચાતણી, જગદીશણ અજતાર!

ત્યાં તો ત્રાડ દેતો એક સિંહ નીકળ્યો, દોટ કાઢીને

Website: http://www.allimagetool.com



ચાંચોજીએ એના કાન ઝાલ્યા. બકરી જેવો બનીને સિંહ ઊભો રહ્યો. પરમારે બૂમ પાડી : "લ્યો કવિરાજ, આ સાવજનાં દાન."

ચારણ પાછે પગે ભાગવા લાગ્યો ત્યારે ચાંચોજીએ સાદ કર્યો : "ગઢવા ! નવ લાખ લોબડિયાળીઓ લાજે છે. અરે ! તું કોઈ કનો શીખવ્યો મારી લાજ લેવા આવ્યો, ને હવે ભાગ્યો ?"

> સાવજ ભાળી સામહો,[1] ભડકયા કેમહી ભાગ,
> પાંથું,[1] પાછા પાગ, ભરવા ન ઘટે ભડ જને !

સિંહને સામો ઊભેલો જોઈને ભડકીને કેમ ભાગો છો ? ઓ ચારણ ! મર્દને પાછાં પગલાં માંડવાં ન શોભે.

દાન માગતી વખતે ગઢવી એ વાત ભૂલી ગયેલો કે દેવા કરતાં લેવું ભારે પડશે. અને એક વાર માગેલું દાન સ્વીકાર્યા વિના તો બીજો ઉપાય નહોતો, ચારણનો વંશ લાજે. શું કરવું ? ચારણે ચતુરાઈ કરીને આઘે ઊભાં ઊભાં કહ્યું કે :

> ચાંચે સિંહ સમપિયો કેસર ઝાલિયો કાન,
> (હવે) રમતો મેલ્યે રાણા, પોતો પરમાર ધણી !

ઓ બાપ ચાંચા, તેં કેસરી સિંહને કાન ઝાલીને મને સમર્પણ કર્યો, એ હું કબૂલી લઉં છું. મને દાન પહોંચી ગયું. હવે તું તારે એને રમતો મૂકી દે, હે રાણા !

સાવજને માથે હાથ ફેરવીને રાજા બોલ્યો : "જાઓ, વનરાજ ! મારી લાજ આજે તમે રાખી છે." સાવજ ચાલ્યો ગયો. લોકો કહે છે કે એ માંડવરાજ પોતે જ હતા.

---

૧. અથો ચારણ

Website: http://www.allimagetool.com

# ૬
## વર્ણવો પરમાર

સૌરાષ્ટ્રને ઓતરાદે કિનારે ટીકર નામનું, છસો વરસનું જૂનું ગામ છે. એ ગામનીચે ઉત્તરે મરડક નામની એક ધાર, બરાબર બેઠેલા ઊંટનો આકાર ધરીને પડેલી છે. એ ધારથી ત્રણ ગાઉ આઘે, ઉત્તરમાં, ઝાળ નામનાં પાંચ ઝાડનાં ઝુંડની વચ્ચે એક મીઠા પાણીનો વીરડો છે, એક પુરુષનો પાળિયો છે, ને એક સતીના પંજાની ખાંભી છે. આસપાસ ધગધગતી રેતીનું રણ પડ્યું છે. ચૌદ ચૌદ ગાઉ સુધી મીઠા પાણીનું એકેય ટીપું નથી મળતું કે નથી કોઈ વિસામો લેવાની છાંયડી. દિવસને વખતે કોઈ મુસાફર એ રણમાં ચાલતો નથી. ચાલે, તો ચોકીવાળાઓ એની પાસે પૂરું પાણી છે કે નહિ તેની ખાતરી કર્યા પછી જ જવા આપે છે, રાતે ચાલેલો વટેમાર્ગુ સવારને પહોરે રણને સામે કાંઠે એક ધર્મશાળાએ પહોંચીને વિસામો લે છે. એને 'વર્ણવા પીરની જગ્યા' કહે છે.

આ વર્ણવો પરમાર કોણ હતો ? પચીસ વર્ષનો એક ક્ષત્રી જુવાન : હજુ તો દસૈયા * નહાતો હતો. અંગ ઉપરથી અતલસના પોશાક હજુ ઊતર્યા નહોતા. હાથમાં હજુ મીંઢળ હીંચકતું હતું. પ્રેમીની આંખના પાંચ પલકારા જેવી પાંચ જ રાત હજુ તો માણી હતી. આખો દિવસ એને ઘેરીને ક્ષત્રી-ડાયરો એના સંયમની ચોકી કરતો; અને ત્યાર પછી

* ક્ષત્રિયોમાં એવી રીત છે કે પરણ્યા પછી દસ દિવસ સુધી રોજ સવારે નહાય, ને પાછો એ-નો એ પોશાક પહેરી લે.

Website: http://www.allimagetool.com



તો એ કંકુની ટશર જેવા રાતા ઢોલિયામાં, સવા મણ રૂની એ તળાઈમાં, સમુદ્રફીણ સરખા એ ધોળા ઓછાડમાં ગોરી રજપૂતાણીની છાતી ઉપર પડચાં પડચાં રાત્રિના ત્રણ પહોર તો કોણ જાણે કેટલા વેગથી વીતી જાતા; રાત્રિથી જાણે એ ક્ષત્રીબેલડીનાં સુખ નહોતાં સહેવાતાં, નહોતાં જોવાતાં.

આજ છઠ્ઠા દિવસનું સવાર હતું. રાત આડા કેટલા પળ રહ્યા છે તે ગણ્યા કરતી રજપૂતાણી એની મેડી ઉપરથી કમાડની તરડ સોંસરવી, ડેલીએ બેઠેલા બંદીવાન સ્વામીને જોયા કરતી, પણ વર્ણવાનું માથું તો એ બીડેલી બારી સામે શી રીતે ઊંચું થઈ શકે? ઉઘાડી સમશેરો સરખી કેટલીયે આંખો એના ઉપર પહેરો ભરતી હતી. એ તો હતાં ક્ષત્રીનાં પરણેતર!

ત્યાં તો ગામમાં ચીસ પડી. ઘરેઘર વાછરુ રોવા લાગ્યાં. બૂંગિયો ઢોલ ગાજ્યો; અને ચારણે ચોરે આવીને હાકલ મારી કે :

**ક્ષત્રી લાગે ખોટ, ગઢથી જાતાં ગાવડી,**
**દેખી વણવા દોડ, મત લજાવે માવડી!**

ગામનું ધણ ભેળીને મિયાણા ભાગતા હતા. ભાલો લઈ ને વર્ણવો ચોરેથી જ ઘોડે પલાણ્યો. મિયાણાની ગોળીઓનો મે' વરસતો હતો તેમાં થઈ ને વર્ણવો પહોંચ્યો. બીજા રજપૂતોને પાછળ મેલીને દોડચા આવતા આ મીંઢળબંધા વરરાજાને જોતાં તો મિયાણાને પણ થયું કે 'વાહ રજપૂત!' એ અસુરોને પણ પોતાની સ્ત્રીઓની મીઠી સોડ સાંભરી આવી. જુદ્ધ કર્યા વિના જ આખું ધણ વર્ણવાને પાછું સોંપ્યું ને કહ્યું : "જા બાપ, તારી પરણેતર વાટ જોતી હશે."

સહુને પોતપોતાનાં પશુ પહોંચી ગયાં. પણ સુતારની બાયડી પોતાના રોતાં છોકરાંને કેડે વળગાડીને કકળતી આવી : "એ બાપુ વર્ણવા! બધાંયનાં ઢોર લાવ્યો, ને એક

મારી બોડી ગા જ રહી ગઈ? મોરાં ગોલરુડાં જ શું છાશું વિના ટળવળશે?"

વર્ણવો ફરી વાર ચડ્યો. "બહેન, તારી બોડી વિના પાછો નહિ આવું." કહેતો ઊપડ્યો. પણ બોડી ક્યાંથી મળે? મિયાણાઓએ ખાવાને માટે કાપી નાખી હતી. ગૌમાતાનું રુધિર ભાળીને વર્ણવો મરણિયો બન્યો. આખા રણમાં રમખાણ જામ્યું. ઠેઠ સામા કાંઠા સુધી શત્રુઓને તગડ્યા પછી ત્યાં વર્ણવાનું મસ્તક પડ્યું; ત્યાર પછી ધડ લડ્યું. મિયાણા નાસી છૂટ્યા. ધડ પાછું વળ્યું. હાથમાં તલવાર ને માથે ઊછળતી રુધિરની ધાર; મરડકની ધારથી ત્રણ ગાઉ ઉપર ધડ પડ્યું.

રણમાં ગયેલો પતિ જો જીવતો હોય તો એની તરસ ટાળવા ને મર્યો હોય તો મોંમાં જળ મેલવા, પેલી મેડીએ બેસીને વાટ જોતી રજપૂતાણી પણ મંગળ ચૂંદડીએ, માથે ગંગાજળનો ઘડો મૂકીને રણમાં આવી. સ્વામીનું શબ જોયું, પણ માથું ન મળે.

એણે ત્યાં ને ત્યાં ઘડો પછાડ્યો. ધડની સાથે જ બળી મરી.

[છપ્પય *]

હાંકી ધેન હજાર, સુણી આજુદ્ધ સજાયો,
કર ગ્રહિયો કબાન,[1] અહુચગ ખાગ[2] ઉઠાયો.
વરણવ[3] સરવર ઝાળ, રણ મહીં જુદ્ધ રચાયો,
પણ પડતે પરમાર, પાટ ઈંદ્રાપર પાયો.
જળપાત્ર લે જમના તણું, મૂકી પાણ[4] હંદા મથે,
એ દિન નીર અમૃત ભર્યું, હિંદવાણી નાર પોતે હથે.

* આ છપ્પય એક ઢાઢીનો રચેલો છે, કારણ કે ચારણો સ્ત્રીનું કાવ્ય કરતા નથી. ૧. શસ્ત્રો ૨. ખડગ. ૩. પાણીમાં બળતી જ્વાળા; વડવાનલ; સમુદ્રમાં જે વડવાનલ બળે છે તેની આગ અત્યંત આકરી હોય છે. વર્ણવાની શૂરવીરતાને અહીં એ ઉપમા આપી છે. ૪. પથ્થર.

Website: http://www.allimagetool.com



જે ઠેકાણે સતીએ ઘડો પછાડ્યો તે ઠેકાણે શિલાની અંદર આજે અખૂટ મીઠા જળનો વીરડો બની ગયો છે. લાખો તરસ્યા જીવોએ એનાં જળ પીધેલાં હશે, અને કરોડો હજુ પીશે. આસપાસ ત્રણ દિશે ચૌદ ગાઉમાં બીજે ક્યાંય પાણી નથી, ગામ પણ નથી.

૨

**વસિયો વણમાં વર્ણવો, દીનો મરતાં દેન,***
**પાણ થઈ પરમારનું, ધાવે મસ્તક ધેન.**

વર્ણવો તો રણમાં મર્યો, એના શરીરને બાળી નાખવામાં આવ્યું, પણ એનું માથું તો પથ્થરનું બનીને ગાયનું દૂધ ધાવતું હતું.

રણને સામે કાંઠે, આડેસર ગામની અને ધ્રાંગધ્રાની વચ્ચે વર્ણવાનું માથું પડ્યું હતું; પણ એ ક્યાં પડ્યું તે કોણ જાણે ? આડેસરની એક ગાય રોજ સાંજે જ્યારે ઘેર જાય ત્યારે એના આંચળમાં દૂધ ન મળે ! ગાયનો ધણી ગોવાળને રોજ ઠપકો આપે કે : 'કોઈક મારી ગાયને દોહી લે છે.'

એક દિવસ સાંજ પડી. આખું ધણ ગામ ભણી ચાલવા મંડ્યું. રસ્તામાં એક ઠેકાણે આખા ધણમાંથી એ જ ગાય નોખી તરી ગઈ, ને બીજી દિશામાં ચાલતી થઈ. ભરવાડને કૌતુક થયું. ધણને રેઢું મૂકીને એ ગાયની પાછળ ચાલ્યો. આઘે એક ઝાડની નીચે ગાય થંભી ગઈ. ચારે પગ પહોળા કરીને ઊભી રહી. એનાં ચારે આંચળમાંથી ખળળ ખળળ દૂધની ધાર ચાલી, અને જમીનમાં પાંદડાંના ગંજ નીચેથી ઘટાક ! ઘટાક ! ઘટાક કરતું કોઈ એ દૂધ પીતું હોય એવો અવાજ આવ્યો. આખું આઉ ખાલી કરીને ગાય ગામ તરફ ચાલી ગઈ. ભરવાડ પાંદડાં ઉખેળીને જુએ

---

* દેન

Website: http://www.allimagetool.com



ત્યાં તો પથ્થરનું એક રૂપાળું મસ્તક દીઠું. એ મસ્તકનું દૂધેભર્યું મોં દીઠું!

તે દિવસથી એ મસ્તકને ઠેકાણે વણુંવા પીરની જગ્યા બંધાયેલી છે.

આજ કોઈ વાર કોઈ ગાફિલ પ્રવાસી એ રણમાં ભૂલા પડે છે. પાણી વિના એને ગળે શોષ પડે છે, જીવવાની આશા છોડીને વણુંવાનું નામ સ્મરે છે, ત્યારે કોણ જાણે ક્યાંથી કોઈ તેજસ્વી ઘોડેસવાર, એક હાથમાં ભાલું ને બીજા હાથમાં મીઠા પાણીની મશક લઈને મારતે ઘોડે હાજર થાય છે, અને બેશુદ્ધ બની ગયેલા મુસાફરને મોંએ પાણી સીંચે છે, એવી વાતો ઘણાને મોઢેથી સંભળાય છે.

Website: http://www.allimagetool.com

૭

# આલમભાઈ પરમાર

રાણપુરને ટીંબે આશરે બસો વરસ પૂર્વે સાહેબજી નામે હાલાજીનાં વંશજ હતા. સાહેબજી ખુદાના બંદા હતા. આ દુનિયાની મારામારીનો એમને મોહ નહોતો. તેથી જ એમના પિતરાઈ રહીમજી, સાહેબજીના ઊભા મોલમાં પોતાના ઘોડા ચરાવી દેવા લાગ્યા અને ધીરે ધીરે તો એમણે સાહેબજીનાં ગામડાં પણ દબાવવાનું શરૂ કર્યું. સાહેબજી પરમાર કંટાળીને પાંચાળમાં કુતા ભગતની મોલડી નામે ગામમાં પોતાના દોસ્તો કાઠી દરબારોને ઘેર જઈ રહ્યા.

એક દિવસ એ ભલા સાહેબજીને વાવડ મળ્યા કે દરબાર રહીમજી ગામને પાદર થઈને નીકળવાના છે. એમના દિલમાં થયું કે 'મારો ભાઈ નીકળે છે!' દૂધના કેસરિયા કઢા લઈ ને, સાકર અને બદામ લઈ ને, રહીમજીની બરદાસ્ત કરવા સાહેબજી પોતાના કાઠી મિત્રોનો ડાયરો ભેળો કરી મોલડીને પાદર જઈ ઊભા.

રાતી આંખવાળા રહીમજી ઘોડા ઉપર બેસી પોતાના ઘોડેસવારોની સાથે નીકળ્યા. સાહેબજી અને આખો કાઠી ડાયરો આડા ફર્યા, ને ભાઈના ઘોડાની લગામ ઝાલી સાહેબજી વીનવવા લાગ્યા: "ભાઈ! ઊતરો, સાથે બેસીને રોટલા ખાઈએ."

"અલા, તું હજી મરી નથી ગયો?" એમ બોલીને રહીમજીએ પોતાના હાથમાં ભરેલી બંદૂક હતી તે સાહેબજીની છાતીમાં ચાંપી દીધી. વીંધાઈને સાહેબજી ભોંય પર પડ્યા. એ પળ પહેલાંની પ્રીતિભરી આજીજી એમના ભક્તિમય, ભોળા

Website: http://www.allimagetool.com



મોં ઉપર એમ ને એમ છવાયેલી રહી ગઈ. લાગણી બદલવાનો વખત જ ક્યાં હતો ?

"દગો ! દગો ! દગો" કરતા કાઠીઓ એ ખૂની ઉપર હાથ ઉગામવા તૈયાર થયા, ત્યાં તો હસતે મુખે મરતા સાહેબજીએ તરફડતી જીભે સમજાવ્યું : "ના, મારી છેલ્લી ઘડી બગાડશો મા."

મારતે ઘોડે રહીમજી રાણપુર પહોંચી ગયો.

સાહેબજીના મુડદાને દફનાવવા માટે એનાં દકરાણી ગાડાં જોડાવીને રાતોરાત રાણપુર આવ્યાં. પણ રહીમજી કહે કે એની કબર અમારા રાજવંશી કબ્રસ્તાનમાં ન હોય. આખરે એમને નોખી જગાએ દફનાવવામાં આવ્યા. રહીમજીના ઝેરની સાક્ષી પૂરતી એ આરામગાહ હજુ પણ જુદી પડેલી મોજૂદ છે.

સાહેબજીના કુલ ગરાસ પર રહીમજીની આણ વર્તી ગઈ. સાહેબજીના એકના એક બેટા આલમભાઈનો જીવ જોખમમાં છે એવો વહેમ એની નિરાધાર વિધવા માતાને પડ્યો. આલમભાઈને ક્યાંય બહાર કાઢવામાં આવતો નથી.

માએ પુત્રને પૂછ્યું : "બેટા, આપણી બહેન માણેક-બાઈને ઘેર વીરમગામ જઈશ ?"

બહેનને ઘેર જવાની હોંશમાં ને હોંશમાં આલમભાઈ ભૂલી ગયા કે પોતાની ઉમ્મર હજુ અગિયાર જ વરસની છે. એ બોલ્યો : "માડી, ખુશીથી. ઘોડો આપો, હું જઈશ."

અગિયાર વરસના એકના એક દીકરાને અંધારી રાતે માએ મીઠડાં લઈને પરગામ વળાવ્યો. સાથે માણસ મોકલે તો શત્રુ ઓળખી જાય, એટલે આલમભાઈ રાતદિવસ એકલો જ પંથ કાપવા લાગ્યો. અને બહેનને ગામ પહોંચ્યો, ત્યાં તો રાજબાળની એકેય એંધાણી એના દીદાર ઉપર ન રહી.

બનેવી સાલેભાઈ વીરમગામના અમીર હતા. ડેલીએ આરબોની એવી ચોકી હતી કે અંદર પંખી પણ પેસી ન શકે. ચીંથરેહાલ આલમભાઈ ડેલીના ઓટા ઉપર બેઠા. જે અંદર

Website: http://www.allimagetool.com



જાય તેની સાથે કહેવરાવે: "બહેનને મળવા હું એનો ભાઈ રાણપુરથી આવ્યો છું." સાંભળીને લોંડાં હસતાં જાય.

પણ બહેનની સાથે રાણપુરથી બે વડારણ ગઈ હતી. એણે આલમભાઈને ઓળખ્યો. સોનાની હીંડોળાખાટે હીંચકતી બહેનને ખબર આપ્યા: "બા, ભાઈ આવ્યા છે. પણ બહુ બૂરે હાલે બેઠા છે."

બીજાં ગોલાં હસીને બોલી ઊઠયાં: "ઓલ્યો રાંકો ડેલીએ બેઠો છે એ બેગમસાહેબનો ભાઈ?"

બહેનને લાગ્યું કે મારા ભાઈએ મારી હાંસી કરાવી. ભાઈને મળવાની એણે ના કહી. ખાવા માટે શકોરામાં કઢી અને જુવારનો રોટલો મોકલ્યાં. આલમભાઈએ આંખનાં પાણી લૂછીને રોટલાને પગે લાગી કહ્યું: "અન્નદેવ! બાપુએ મને શીખવ્યું હતું કે તમને ન તરછોડાય." બટકું રોટલો ખાધો, બાકીનો ત્યાં જ દાટ્યો, અને ઘોડે ચડી પાછો ચાલી નીકળ્યો.

પાછળથી બનેવી ગામતરેથી આવ્યા. એણે પોતાના સાળાને જાકારો મળ્યાની વાત સાંભળી. રાણીને ધિક્કાર દીધો. આલમભાઈની પાછળ સવારો દોડાવ્યા, પણ આલમભાઈ પાછો ફર્યો નહિ.

રાણપુર પહોંચીને માના હૈયા ઉપર માથું રાખીને દીકરો ખૂબ રોયો.

## ૨

"અમ્મા, આમ બીતાં બીતાં ઘરને ખૂણે કયાં સુધી સંતાઈ રહું? આજે તો ચારે જવા દે. ખુદા જે કરે તે ખરું, મારી નાખશે તો છુટકારો થશે."

એ રીતે પોતાની માને મનાવીને આલમભાઈ આંબલિયાળે ચોરે ડાયરામાં આવ્યો. એ ચોરાને બે પરસાળ છે. એક પરસાળમાં રહીમભાઈનો ડાયરો બેસતો, અને બીજામાં

Website: http://www.allimagetool.com


અભુભાઈ કુરેશીનો. બુઢ્ઢા અભુભાઈનું કુટુંબ પેઢી-દર-પેઢીથી આલમભાઈના કુળમાં દોઢ સો દોઢ સો ઘોડેસવાર રાખીને ચાકરી કરતું. આજ રાણપુર તાલુકો રહીમભાઈના હાથમાં ગયો છે, પણ અભુભાઈએ રહીમભાઈની તાબેદારી સ્વીકારી નથી. એનું બેસણું પણ નોખું જ છે. એકાંતમાં બેસીને અભુભાઈ પાણીડાં પાડે છે : "શું કરું ? મારી પાસે માણસો નથી. બુઢાપાએ મારું બધું કૌવત હરી લીધું છે, નહિ તો મારો બાળ ધણી કાંઈ આમ રઝળે ?"

"આવ બાપ આલાભાઈ! આવ, મારા ધણી !" એમ કહીને બુઢ્ઢા અભુભાઈએ આલમભાઈને ખોળામાં બેસાડી લીધો; અને માથે ને મોઢે પોતાનો ધ્રૂજતો હાથ ફેરવ્યો.

સામી પરસાળેથી રહીમભાઈ બોલ્યા : "ત્યારે તો તમારા ધણીને રાણપુરની ગાદીએ જ બેસાડો ને, મિયાં !"

"તમારા મોંમાં સાકર, રહીમભાઈ ! એલા કોઈ છે ? જાઓ, ઓરડેથી એક ચાકળો લઈ આવો."

ચાકળો આવ્યો. આલમનું કાંડું ઝાલીને અભુભાઈએ એને ચાકળે બેસાડ્યા, પોતાની તલવાર એના સામે ધરીને તાજમ કરી : "બાપુ, સલામ."

રહીમભાઈએ પણ સામી પરસાળે મશ્કરીમાં ઊઠીને કહ્યું : "બાપુ ! સ...લ્લા...મ !"

અભુભાઈ બોલ્યો : "બાપુ, રહીમભાઈની સલામ લ્યો." આલમભાઈએ સલામ લીધી. તે દિવસે અભુભાઈને ઘેર લાપસીના રંગાડા ચડ્યા. આખા ગામને અભુભાઈએ જમાડ્યું. આલમભાઈ અભુભાઈના રમકડા જેવા રાજા થયા !

તે વખતે સૌરાષ્ટ્ર ઉપર દામાજીરાવ ગાયકવાડની આણ ફરતી. દર વરસે દામાજીરાવ જમાબંધી ઉઘરાવવા આંહીં આવતા. તેમને ધોળકાથી લઈ હરીણા નીનામા ગામ સુધી પહોંચાડવાની ફરજ રાણપુર દરબારો ઉપર હતી. અભુભાઈ

Website: http://www.allimagetool.com



કુરેશી પોતાના બાળારાજાને સાથે લઈને ધોળકે ગયા. જઈને દામાજીના ખોળામાં આલમભાઈને બેસાડીને બધી કથની કહી દામાજી રાણપુર આવ્યા. એમની આજ્ઞાથી મરાઠાઓ રહીમભાઈને પગે રસ્સી બાંધી ગામમાંથી ઢસડી કિલ્લામાં લાવ્યા. દામાજીએ પીઠ ફેરવી હુકમ દીધો : "મારે એનું મોં નથી જોવું. એને કાંધ મારો."

"ન બને, એ ન બને." કરતો જુવાન આલમભાઈ આડો પડ્યો.

દામાજીએ કહ્યું : "બચ્ચા, એણે તો તારા બાપને કાપી નાખ્યો છે. એના ઉપર દયા હોય ?"

"મહારાજ, મરેલો બાપ હવે જીવતો નહીં થાય, પણ મારા કાકાના મોતથી તો અમારી સો પેઢી લગી વેર જીવતું થશે. ગમે તેવો તોયે એ મારો કાકો છે."

રહીમભાઈને કેદી બનાવી લઈ જવામાં આવ્યા. આલમભાઈની ચોવીસી પાછી આલમભાઈને ઘેર આવી. મહારાજે આલમભાઈના રક્ષણ બદલ રાણપુર થાણું મૂક્યું. એના ખર્ચ બદલ આલમભાઈએ ગાયકવાડ સરકારને રાણપુર આપ્યું.

આંહીં આલમભાઈનો દિવસ ચડ્યો, ને વીરમગામમાં બહેનનો દિવસ આથમ્યો. સોનાની હીંડોળાખાટના મીઠા મીઠા કિચૂડાટ બંધ પડ્યા. લાજીને બહેનબનેવીએ રાણપુર આશરો લીધો. નાતાને મળેલા જાકારાનું એક પણ વેણ સંભાર્યા વિના આલમભાઈએ બહેનને ગઢિયું નામનું ગામ આપ્યું, જે હજુ એના વંશજો ખાય છે.

૩

છૂટા થયેલ રહીમભાઈ કિલ્લો લેવાની તજવીજ કરતા હતા. એના હાથમાં વઢવાણના ઝાલા રાજા સબળસિંહ આવી પડ્યા. સબળસિંહને એણે સમજાવ્યું કે તને હું એક પહોરમાં

Website: http://www.allimagetool.com



રાણપુર જિતાડું. સબળસિંહની સવારી ચડી. સીમાડે બુંબાડ પડચા.

આલમભાઈ કિલ્લો છોડી ગામમાં આવ્યા. વસ્તીને કહ્યું: "પોતપોતાની પ્યારી વસ્તુ હોય તે લઈને કિલ્લામાં પેસી જાઓ." વસ્તી કિલ્લામાં પેસવા લાગી. આલમભાઈ ગામના ચોકમાં અભય બનીને ઊભા રહ્યા. સબળસિંહની સેનાનો ડમ્મર ચડચો તોય આલમભાઈ ન ખસ્યા. ઘોડાના ડાબલા ગાજ્યા તોય આલમભાઈ કોઈ ઓલિયા જેવી શાંતિથી ઊભા જ રહ્યા. એ કોની વાટ જોતા હતા? એક ડોશીની! ડોશી પોતાના ઘરમાં કોઈ કુલડીમાં પૈસા મૂકેલા તે ગોતતી હતી, ને કહેતી હતી: "એ બાપુ, જરા ઊભા રહેજો! જરા ખમજો!" આખરે સેના ગામમાં આવી પહોંચી ત્યારે જ ડોશી ગામમાંથી ખસી.

આલમભાઈને અને સેનાને ભેટંભેટા થઈ. સૈન્યને મોખરે અગરસિંગ નામનો સરદાર ચાલતો હતો, તેને જોઈને આલમભાઈએ પોતાના મછા નામના યોદ્ધાને કહ્યું: "હે મછા! તારી બરછી ફરી કચારે કામ આવશે? માર અમરસિંગને."

પોતાના ધણીની છેલ્લી આજ્ઞા પાળીને મછો રાણપુરની બજારમાં જ મોતની રાતીચોળ પથારીમાં સૂતો. આલમભાઈ અને એના સાથીઓએ કિલ્લાનું શરણ લીધું. ધબોધબ દરવાજા બંધ થયા.

સબળસિંહે રાણપુર ગામમાં જ માટીનો કિલ્લો કરી મોરચા બાંધ્યાં. આલમભાઈના કિલ્લાને તોડવાનું એનું ગજું નહોતું. એક દિવસ આલમભાઈ નાકાબારીએ થઈને ધોળકા પહોંચ્યા. દામાજી ગાયકવાડને વાત સંભળાવી. દામાજીનું સૈન્ય ચડયું. એ સાંભળીને સબળસિંહ રાણપુરથી બે ગાઉ દૂર પોતાના નાગનેશ ગામના કિલ્લામાં જઈને ભરાયો. દામાજીરાવે નાગનેશને ઘેરો ઘાલ્યો અને ગઢ તોડવા માટે અમદાવાદથી મહાકાળી ને મહાલક્ષ્મી નામની બે તોપો

Website: http://www.allimagetool.com



મંગાવી. બળદનાં સો સો તરેલાં જોડાય ત્યારે જ તાણી શકાય એવી એ બે તોપો નાગનેશની નદીમાં આવીને અટકી ગઈ. પછી દામાજીરાવે બન્નેની પૂજા કરી. સિંદૂર અને ફૂલ ચડાવ્યાં. તોપો સડેડાટ સામે કાંઠે ચડી.

તોપો વછોડવાનું મુરત જોવરાવ્યું. બરાબર પો ફાટવાનો સમય મુરતમાં નક્કી થયો. દામાજીરાવે હુકમ કર્યો : "ધોળી ધજા લઈને ગામના ગઢ ઉપર ચડી ખબર આપો કે સવારે તોપો ચાલશે. ખબર આપો કે ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભ ન વછૂટી જાય માટે કાનમાં સૂંઠનાં પૂમડાં કરીને ઘાલે. ખબર આપો બાળકોને, બુઢ્ઢાંઓને કે ધડકે નહિ."

બીજી બાજુ સબળસિંહને એક વધુ ખબર પડી. ગઢના ચારે કોઠાની અંદર, થાળીઓમાં મગ મુકાવ્યા હતા તે મગના દાણા, એક દિવસ થરથરવા મંડ્યા. સબળસિંહ સમજ્યો કે દરબારગઢની નીચે સુરંગ ખોદાય છે. ઉપરથી બાકોરું પાડી, પાણી રેડી, સુરંગને નકામી કરી નાખવા તૈયારી થઈ; પણ ગામની વસ્તીએ ખાણો કરી કરી જાર ભરી હતી તે ટળી જાય, માટે લોકોએ ના પાડી.

ભળકડું થયું. બધા કહે : "મહારાજ, હવે તોપો વછોડો."

મહારાજ કહે : "ના, હજુ ઝાડ ઉપર પંખી નીંદર કરે છે. એને ફડકો નહિ પડાવું. સૂરજને ઊગવા દ્યો."

સૂરજ ઊગ્યો ને તોપો ગડેડી : ધુબ્બાંગ! ધુબ્બાંગ! ધુબ્બાંગ! અને નાગનેશના ગઢ ભાંગીને ભૂકો થઈ ગયો. સબળસિંહ પકડાયો. એ ટાણે બે રજપૂતાએ એને પડખે ચડીને કહી દીધું : "તમે તમારે કેદમાં જાઓ. અમે હમણાં વાણિયાને વેચે આવીને દામાજીને અને આલમભાઈને રેંસી નાખશું."

સ્નાન કરતાં કરતાં દામાજીએ હુકમ દીધો : "સબળસિંહને ઝાડ નીચે લઈ જાઓ ને ઝાટકે મારો."

Website: http://www.allimagetool.com



આલમભાઈએ ચીસ નાખી : “ મહારાજ, ન બને, એમ ન બને.”

“ કેમ ?”

“ શેતરંજની રમતમાં જે લાકડાનો રાજા હોય છે એને પણ મારવાની મના છે, તો પછી આ જીવતાજાગતા મનુષ્યાવતારને, આ લાખોના પાળનારને કેમ મરાય, મહારાજ ?”

બંદીવાન સબળસિંહ જાણે પ્રભુની દયાનું અમૃત પીતો હોય તેમ આલમભાઈના મોંની સામે જોઈ રહ્યો. દામાજીરાવનું દિલ પણ નરમ થયું.

ત્યાં તો બે વાણિયા એકબીજાને ગાળો દેતા, મારપીટ કરતા, બૂમબરાડા પાડતા ચાલ્યા આવે છે. મહારાજે જાણ્યું કે શેઠિયા ફરિયાદે આવે છે. લગોલગ આવી પહોંચ્યા ત્યારે કૃતઘ્ની સબળસિંહે રાડ પાડી : “ મહારાજ ! આ દગો છે, મારા રજપૂતો વાણિયાને વેશે તમને મારવા આવે છે.”

દામાજીરાવ નહાતા હતા. શરીરે પૂરો પોશાક પણ નહોતો. આલમભાઈ પાસે પણ એક છરીયે નહોતી. રજપૂતો પોતાની જાંઘમાં છુપાવેલી કટારો કાઢી મહારાજની સામે દોડચા. ત્યાં તો આલમભાઈએ દોટ કાઢી બેયની ગરદન એકેક હાથમાં ઝાલી, બેયનાં માથાં સામસામાં પટકીને ચૂરેચૂરા કરી નાખ્યાં.

મહારાજ બોલ્યા : “ રંગ છે, આલમભાઈ ! અત્યાર સુધી હું માનતો હતો કે તમે ફક્ત ઓલિયા છો; પણ ના, તમે શરીર પણ સાધી જાણ્યું છે.”

આલમભાઈએ આસમાનની સામે જોઈને માથું નમાવ્યું.

“ આલમભાઈ, મારો જીવ બચાવ્યો તેની જુગોજુગ યાદગીરી રહે એ માટે તમારા ગામ આલમપુરની જમાબંધી માફ કરું છું.”

“ મહારાજ, એમ થાશે તો ભવિષ્યમાં કોઈક દિવસ

Website: http://www.allimagetool.com



આપના વારસદારો મારા વારસદારોને કહેશે કે એ તો ધર્માદાનું ગામ ખાય છે. માટે જમાબંધી કાઢી નાખવા તો નહિ દઉં."

આખરે આલમપુરની જમાબંધી એક આંકડે રૂપિયા ચારસો બાંધી આપ્યા. તે જ જમા હજુ સુધી આબાદ છે.

આલમપુરનાં તોરણ બાંધીને આલમભાઈ ત્યાં રહેવા લાગ્યા. પણ રોજ રોજ એની મીટ એક આદમી ઉપર મંડાઈ રહે છે. આ આદમી હતો ખોજો નામે એક હજામ. અબોલ ખોજો મૂંગે મોઢે પોતાના માલિકની ચાકરી કર્યા જ કરતો. પથારી પાથરતો, હોકો ભરી આપતો, મશાલ પેટાવતો, વાળુ કરાવતો.

ડાયરામાં આલમભાઈ કહેતા : "આ દુનિયા ફાની છે. મારી ગરૂરીને ખાતર મેં મારા નામનું ગામડું વાસ્યું છે, પણ મારાં સુખદુઃખોનો સાચો દોસ્ત આ હજામ શું જિંદગી ખતમ થયા બાદ ભુલાઈ જાશે? મારા ભેળો ને ભેળો મૂંગો મૂંગો તડકાછાંય વેઠનાર એ હજામ ભુલાઈ જાય તો પછી હું શા સબબથી યાદગાર રહું? ખોજા! તારા નામનું પણ એક ગામ વાસવું છે. આલમપર ને ખોજાપર ભેળાં જ બોલાશે; એક જ દમમાં તારું ને મારું નામ લેવાશે; તને હું નહિ તજું."

ડાયરાએ હાંસી કરી, "બાપુ હજામના નામનું ગામ! રાજરીત શું ઊંધી વળી ગઈ?"

"ખુદાની રીત જ ખરી છે, ભાઈ! ખાવંદની નજરમાં કોણ છે આલમભાઈ, કોણ છે ખોજો હજામ?"

આલમભાઈએ આલમપુરની સામે જ ખોજાપરનાં તોરણ બાંધ્યાં.

૪

"બાપુ! કિલ્લાની અંદર આજ ત્રણ દિવસથી કંઈક ભેદ કળાય છે. દીવાલને કાન દઈ ને ઊભા રહીએ તો

Website: http://www.allimagetool.com



માલીપા રોવાના અવાજ આવે છે.” સૂકભાદર અને ગોમા, એ બે નદીઓની વચ્ચેના ટેકરા ઉપર ઊભેલા, સામા કાંઠાના કિલ્લા વિશે આવી વાત થઈ.

આલમભાઈના હાથમાં તસબી ફરતી હતી. એમનો બીજો હાથ તુરત જ સમશેરની મૂઠ ઉપર ગયો. બાતમી મળી કે કોઈક આખા કુટુંબ ઉપર — મરદ, ઓરત અને બાળ-બચ્ચાં ઉપર — મરાઠો સૂબો સિતમ ગુજારી રહ્યો છે. સૂબાની બદલી થઈ છે. ગામના વાણિયાનું મોટું દેણું ચડેલું છે. વાણિયો ઉઘરાણીએ ગયો તો સૂબાએ ખાલી ખિસ્સાં દેખાડ્યાં, એટલે વાણિયાએ એક બાજુથી ડારો દીધો કે: ‘હું ઠેઠ વડોદરા જઈને દાદ માગીશ.’ ને બીજી બાજુ તરકીબ બતાવી કે ‘આ જાય બોટાદનો લખપતિ વાણિયો : પકડ ને રસ્તામાંથી. માગીશ તેટલું મળશે!’ આ પરથી મરાઠા સૂબાએ બોટાદના એક વેપારીને હાથ કર્યો છે. કિલ્લામાં પૂરીને મારપીટ શરૂ કરી છે, પણ વાણિયો માનતો નથી; પછી બોલાવ્યાં છે એનાં બાયડીછોકરાંને. બાયડી અને બચ્ચાં ચોધાર પાણીડાં પાડતાં ઊભાં છે. સૂબાએ તો ધમકી બતાવી છે કે: ‘તારાં છોકરાંને કિલ્લા ઉપરથી નદીમાં ફગાવી દઈશ.’

આલમભાઈ ઊભા થયા. પાછળ ચારે દીકરા પણ ચાલ્યા. નદીને કાંઠે આવીને આલમભાઈએ પાછા વળી કહ્યું: “દીકરાઓ, મારો આખો વંશ ચાલ્યો જવા નહિ દઉં. માટે બે જણા પાછા વળો.”

લાખોજી અને ડોસુજી કચવાતા પાછા ગયા. તોગાજી અને બાપુજી સાથે ગયા. સૂબાને કાનજી વાણિયાએ વાત પહોંચાડી દીધી કે આલમભાઈ આવે છે. સૂબાએ ગઢ બંધ કરાવ્યો, અને આલમભાઈ પોતાના પુત્રો સાથે દોઢીમાં દાખલ થયા કે તુરત જ દોઢીના દરવાજાને બંધ કરી, બહારથી ખંભાતી તાળું મારી, ગઢની હૈયારખી ઉપર થઈને દરવાન

અંદર ચાલ્યો ગયો. દોઢીમાં કેદ થયેલા ત્રણે પરમારો ઉપર કિલ્લાના મોરચામાંથી બંદૂકોનો મારો ચાલ્યો. ત્રણે જણા ઘાવા ખાનામાં* પેસી ગયા.

બંદૂકોના ધુબાકા સાંભળતાં તો ગામમાં એક સ્વામી આવેલા તે પોતાના સાઠ ચેલાઓને લઈ આલમભાઈની વહાર કરવા બહાર નીકળ્યા. એ ભગવા વસ્ત્રની પાછળ આખી વસ્તી નીકળી. કિલ્લાની બહારથી હાકલા પડકારા થવા માંડ્યા : “ બાપુ ! મૂંઝાશો મા. હમણાં બારણાં તોડીએ છીએ.”

પણ એ તોતિંગ બારણાં કેમ કરી તૂટે !

અંદરથી ગોળીઓનો વરસાદ ઝીંકે છે તેમાં થઈને દરવાજામાં જવું શી રીતે ? આલમભાઈ મૂંઝાયા છે. તે વખતે દીકરો તોગાજી બોલ્યો : “ બાપુ, હું નાનપણમાં મસ્તી કરતો ત્યારે તમે કહેતા કે બેટા, વખત આવે ત્યારે જોર બતાવજે. આજ એ વખત આવી પહોંચ્યો છે. આપને મોંએથી ‘ ફતેહ ’ ઉચ્ચારો, ને પછી જુઓ, હું તાળું તોડું છું કે નહિ !”

“ જા બેટા, ફતેહ કર.”

માથા ઉપર ગેંડાના ચામડાની ઢાલ ઢાંકી, હાથમાં તરવાર લઈ તોગોજી દરવાજામાં આવ્યો. અંદરથી ભડોભડ ગોળીઓ ઢાલમાં લાગી, પણ તોગાજીને ઈજા ન થઈ. પોતાના બે પગ ભરાવીને એણે દરવાજાના ખંભાતી તાળાને બે ભુજાથી એવું મરડ્યું કે આંકડિયો નીકળી પડ્યો. ધબ દઈ ને તાળું નીચે પડ્યું. સાંકળ ખોલી નાખી ને આખી મેદની ‘ મારો ! મારો !’ એવો દેકારો કરતી અંદર દોડી આવી.

‘ રંગ તોગુભા ! રંગ તોગુભા !’ કરતા જ્યાં બધા તોગાજી સામે જુએ ત્યાં તો તોગાજીની આંખોનાં બેય રતન બહાર લબડતાં હતાં, ને એને રૂંવાડે રૂંવાડે લોહી ટપકતું હતું.

* [illegible] ચોકીદાર આરબોને કાવો કાઢવાની આરડીઓ,

Website: http://www.allimagetool.com



"ભાઈને ઘેર લઈ જાઓ." એવા પોકારો સાંભળીને તોગાજી બોલ્યો : "અંદર જે નિર્દોષ પુરાણાં છે એમને છોડાવ્યા વિના હું આંહીંથી નહિ ખસું. હું આલમભાઈ પરમારનો દીકરો છું, આંહીં જ મરીશ."

અંદર શું થઈ રહ્યું છે? એક આરબ સરદાર પોતાના સો સવારો સાથે કિલ્લામાં મહેમાન આવેલો. એની એ સો સાંઢચો બહાર દોઢીમાં બાંધી રહી છે. આરબોને બીક લાગી કે ગામલોકો સાંઢચોને હાંકી જશે. સૂબાને એણે કહ્યું : "મારી સાંઢચોને અંદર લેવા દે, નહિ તો બંદૂકો હાજર છે, હું ધીંગાણું કરીશ. મારી જીવ સાટેની મોંઘી સાંઢચોને હું નહિ ગુમાવું."

સૂબો ડર્યો. દરવાજા આડાં તલવારો, બંદૂકો ને ભાલાં ગોઠવ્યાં. પછી અર્ધું કમાડ ઉઘાડ્યું. જ્યાં પહેલી સાંઢચને અંદર દાખલ કરી, ત્યાં આલમભાઈએ સાંઢચને ઓથે રહીને પોતાના માણસો સાથે ધસારો કર્યો. સાંઢચ ભાલામાં વીંધાઈ ગઈ, માણસો બચ્યાં. સૂબો ભાગ્યો. આલમભાઈએ સૂબાને પકડી, પછાડી, છાતી ઉપર ચડી, તલવાર કાઢી કહ્યું : "જો. આટલી વાર લાગે. પણ જા, કમજાત! તારે ખંભે જનોઈ ભાળીને હું ભોંઠો પડું છું!"

નિર્દોષ વાણિયાનાં બાળબચ્ચાંને છોડાવી પરમારો ઘેર ગયા. દીકરો તોગોજી જિંદગીભર અંધ રહ્યો.